
# સુખી જીવનની માસ્ટર કી

વૈરાગ્યવારિધિ આયડતીર્થોદ્ધારક

પ. પૂ. આ. શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મ.સા.



આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ

## પ.પૂ.આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની

## લેખિત-સંપાદિત-પ્રેરિત સાહિત્યયાત્રા

૧. શ્રી કલ્પસૂત્ર- અક્ષરગમનિકા (પ્રતાકાર)
૨. શ્રી શ્રાદ્ધવિધિ પ્રકરણ -સંસ્કૃત (પ્રતાકાર)
૩. શ્રી આચારાઙ્ગ સૂત્ર- અક્ષરગમનિકા (પ્રથમ શ્રુતસ્કન્ધ)
૪. શ્રી આચારાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૫. શ્રી સૂત્રકૃતાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (પ્રથમ શ્રુત સ્કન્ધ)
૬. શ્રી સૂત્રકૃતાઙ્ગ સૂત્ર - અક્ષરગમનિકા (દ્વિતીય શ્રુતસ્કન્ધ)
૭. શ્રી શ્રાદ્ધ-જીતકલ્પ (પ્રતાકાર)
૮. નવ્ય યતિજીતકલ્પ (પ્રતાકાર)
૯. શ્રી મહાનિશીથ સૂત્ર
૧૦. શ્રી પઞ્ચકલ્પભાષ્યચૂર્ણિ
૧૧. ન્યાયાવતાર -સટીક
૧૨. મુહપત્તિ ચર્ચા
૧૩. શ્રી વિંશતિવિંશિકા પ્રકરણ (ગુજરાતી)
૧૪. શ્રી વિંશતિવિંશિકા પ્રકરણ ( સટીક)
૧૫. શ્રી માર્ગપરિશુદ્ધિ પ્રકરણ (સટીક)
૧૬. સુલભ ધાતુરૂપ કોશ (ભાગ ૧-૨-૩)
૧૭. સંસ્કૃત શબ્દ રૂપાવલી
૧૮. સંસ્કૃત અધિતનાદિ રૂપાવલી
૧૯. સુબોધ સંસ્કૃત માર્ગોપદેશિકા (સંસ્કૃત બુક -૧)
૨૦. સુબોધ સંસ્કૃત મન્દિરાન્તઃ પ્રવેશિકા (સંસ્કૃત બુક -૨)
૨૧. કર્મ નચાવત તિમહી નાચત (ગુજરાતી)
૨૨. સુખી જીવનની માસ્ટર કી (ગુજરાતી)
૨૩. જીવ થી શિવ તરફ (ગુજરાતી)
૨૪. તત્ત્વની વેબસાઈટ (ગુજરાતી)
૨૫. ભક્તિ કરતા છૂટે મારા પ્રાણ (ગુજરાતી)

|| શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિસદ્ગુરુભ્યો નમઃ ||

# સુખી જીવનની માસ્ટર કી


સિદ્ધાંત મહોદધિ

સ્વ.પ.પૂ.આ.

શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.

ના શિષ્યરત્ન

પ.પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય કુલચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# ❖ પ્રાપ્તિ સ્થાન ❖

**❖ દિવ્ય દર્શન કાર્યાલય ❖**
૩૯, કલિકુંડ સોસાયટી, મફલીપુર ચાર રસ્તા,
ધોળકા - ૩૮૭૮૧૦. જિ. અમદાવાદ (ગુ.)
ફોન : ૦૨૭૪૧૪-૨૨૫૪૮૨, ૨૨૫૯૮૧

**❖ ડૉ .સંજયભાઇ શાહ ❖**
**મેઘ મયુર ગ્રુપ ઓફ કંપની**
O/B/5, ત્રિભુવન કોમ્પ્લેક્ષ, ઘોડદોડ રોડ,
સુરત - ૩૯૫૦૦૭ ફોન : ૦૨૬૧-૨૬૬૯૭૧-૪
મો.: ૯૮૨૫૧ ૨૧૪૫૫

**❖ શ્રી બાબુભાઇ સરેમલજી ❖**
શ્રી આશાપુરા જૈન જ્ઞાન ભંડાર, હીરા જૈન સોસાયટી,
રામવાડી, સાબરમતી
અમદાવાદ(ગુજ.) મો : ૯૪૨૬૫૮૫૯૦૪

**❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.તપ.જૈન સંઘ ❖**
**માતુશ્રી જયાલક્ષ્મી આરાધના ભવન**
115, ડો. મનુભાઇ પી. વૈધ માર્ગ, તિલક રોડ
ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૭૭.
સંપર્ક : મોબાઇલ નં. : કીર્તિભાઇ : ૯૮૨૦૭૬૫૦૯૮
રોહીતભાઇ : ૯૮૯૨૦૮૧૪૩૯



**-:મુદ્રક :-**
રાજુલ આર્ટસ, ઘાટકોપર મો. ૯૮૬૯૦૭૦૬૮૩,૯૮૬૯૩૯૦૨૮૫

# સમર્પણ .....સમર્પણ....સમર્પણ....

**પરમ પૂજ્ય ગુરદેવને સમર્પણ**

શિલ્પી બની અનેક સાધુઓને ઘડનારા,
જિનશાસનને વિશાળ સાધુ સમુદાયની ભેટ ધરનારા
વિપુલ કર્મ-સાહિત્યનું નવ-નિર્માણ કરનારા,
ઉત્કૃષ્ટ નિર્મલ સંયમનું પાલન કરનારા,
એવા સિદ્ધાંત મહોદધિ,
કર્મ સાહિત્ય નિષ્ણાત
પરમ પૂજ્ય આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ના**
કરકમલમાં સાદર સમર્પણ

**પ.પૂ.આ.શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.**



ચૈત્ર વદ ૨, સંવત ૨૦૭૨
(પૂજ્યશ્રીનો સંયમ -સુવર્ણ દિન)

## અનુમોદના...

## અનુમોદના...

## અનુમોદના...

સિદ્ધાંત મહોદધિ, કર્મ સાહિત્યનિષ્ણાત

પ.પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.ની

સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ (૨૦૨૪-૨૦૭૪) નિમિત્તે તથા

વૈરાગ્યવારિધિ, આયડ તીર્થોદ્ધારક પ.પૂ.આચાર્યદેવ

શ્રીમદ્ વિજય કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા. ના

૫૦ વર્ષના સંયમ જીવનના (૨૦૨૩-૨૦૭૩)

સુવર્ણ અવસરે આ ગ્રંથ ના લાભાર્થી

પ.પૂ.આ.શ્રી જિનેશરત્નસૂરિ મ.સા. શિષ્યરત્ન

મુનિશ્રી દીપરત્ન વિ. મ.સા.ની પ્રેરણાથી

**શાહ સવિતાબેન દીનેશચંદ્ર (જસલેણીવાળા)**

હાલ નવસારી

પુત્ર : અનિલભાઇ , નરેશભાઇ

પુત્રવધુ : અનિલાબેન, પીન્કીબેન

આન્સી, આગમ, સંયમ, વૃદ્ધિ

# હૃદય થી

ચાવી !

દરેક તાળાની દરેક ચાવી પોતાના તાળાને જ ખોલવા માટે શક્તિમાન હોય છે.

અર્થાત્

તે ચાવીનું નિર્માણ તે તાળા માટે જ કરાયું છે તે ચોક્કસ છે !

પરંતુ,

એક ચાવી એવી હોય છે કે જેનાથી બધા જ તાળાઓ ખોલી શકાય છે !!

રે ! તે ચાવીનું નામ છે : "માસ્ટર કી (Master Key)"

પરંતુ, હા.............

તે તાળાને ખોલવા માટે ચાવીને તાળામાં નાખીને ફેરવવા રૂપી પુરુષાર્થ તો કરવો જ પડે છે.

બસ.......... એ જ રીતે,

માસ્ટર કીની જેમ જ આ પુસ્તક પણ દરેક જીવોનું જીવન સુખમય બનાવી શકે છે.

પણ, હા.............

તેનું વાંચન-ચિંતન-અમલીકરણ કરવા રૂપ પુરુષાર્થ કરવો આવશ્યક છે. આવો પુરુષાર્થ કરી તમે તમારું જીવન પાપરહિત અને સુખમય બનાવો એ જ શુભાભિલાષ.

જો જીવવું હોય સુખી જીવન,
તો શરૂ કરો આનું વાંચન,
વાંચન પછી કરો મનન,
મનન પછી કરો રે વર્તન.....

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | માર્ગાનુસારિતાના ૩૫ ગુણ | |
| ૧. | ન્યાયસંપન્ન વૈભવ | ૨ |
| | ઉચિત વિવાહ | ૫ |
| | શિષ્ટાચાર પ્રશંસા | ૬ |
| | આંતરશત્રુ વિજય | ૮ |
| | ઈન્દ્રિય દમન | ૧૨ |
| ૨. | ઉપદ્રવવાળા સ્થાનોનો ત્યાગ | ૧૫ |
| | ઉચિત-ઘર | ૧૬ |
| | પાપભીરૂતા | ૧૭ |
| | પ્રસિદ્ધ દેશાચાર-પાલન | ૧૭ |
| | નિંદાત્યાગ | ૧૮ |
| ૩. | ઉચિત વ્યય | ૨૧ |
| | ઉચિત વેશ | ૨૨ |
| | માતા-પિતાદિ પૂજન | ૨૩ |
| | સત્સંગ | ૨૪ |
| | કૃતજ્ઞતા | ૨૫ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪. | અજીર્ણે અભોજન | ૨૭ |
| | કાળે માફક ભોજન | ૨૭ |
| | જ્ઞાન વૃદ્ધોની સેવા | ૨૮ |
| | નિન્ધ પ્રવૃત્તિનો ત્યાગ | ૨૯ |
| | પોષ્ય વર્ગનું પોષણ | ૨૯ |
| ૫. | દીર્ઘદષ્ટિ | ૩૧ |
| | ધર્મશ્રવણ | ૩૧ |
| | દયા | ૩૩ |
| | બુધ્ધિના આઠગુણ ધારણ કરવા | ૩૫ |
| | ગુણોનો પક્ષપાત રાખવો | ૩૬ |
| ૬. | કદાગ્રહ ત્યાગ | ૩૯ |
| | વિશેષજ્ઞતા | ૩૯ |
| | દેવ, અતિથિ અને દીનની પૂજા, સત્કાર અને સેવા | ૪૧ |
| | ત્રિવર્ગ-અબાધા | ૪૨ |
| | દેશકાળને ઉચિત ચર્ચા | ૪૩ |
| ૭. | સ્વ - સામર્થ્ય આદિનો વિચાર કરવો | ૪૫ |
| | લોકપ્રિયતા | ૪૬ |
| | પરોપકારિતા | ૪૭ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| | લજ્જાશીલતા | ૪૮ |
| | સૌમ્યતા | ૪૮ |
| | **ઔચિત્ય પાલન** | |
| ૮. | પિતા સંબંધી | ૫૧ |
| | માતા સંબંધી | ૫૩ |
| | ભાઈ સંબંધી | ૫૪ |
| | સ્ત્રી સંબંધી | ૫૬ |
| ૯. | પુત્ર ( પુત્રી ) સંબંધી | ૬૦ |
| | સ્વજનો ( સગા-સંબંધીઓ સંબંધી ) | ૬૫ |
| ૧૦. | ગુરુ સંબંધી | ૬૭ |
| | નાગરિક ( વ્યાપારી ) સંબંધી | ૬૯ |
| ૧૧. | અન્ય ધર્મી સંબંધી | ૭૧ |
| | અનુચિત આચરણનો ત્યાગ | ૭૩ |
| ૧૨. | સામાન્યથી હિતોપદેશ | ૭૭ |
| ૧૩. | સામાન્યથી ભોજનવિધિ | ૮૦ |
| | કુશળ બનવાના ઉપાય | ૮૦ |
| | પશુ-પક્ષીથી શીખવા મળતા ગુણ | ૮૧ |

# ભાગ - ૧

# માર્ગાનુસારિતાના ૩૫ ગુણ

# ૧

# માર્ગાનુસારીના લિંગ

માર્ગાનુસારિતા એટલે સામાન્યથી ગૃહસ્થ ધર્મ.
(૧) પાપોનું સેવન તીવ્ર ભાવે ન કરવું.
(૨) ભયંકર સંસાર પ્રતિ રાગ ન રાખવો.
(૩) સર્વત્ર ઔચિત્યનું પાલન કરવું.
આવો આત્મા માર્ગાનુસારી કહેવાય છે.
જેના ૩૫ ગુણો છે.
આ ગુણાથી યુક્ત જીવન વ્યક્તિને યશ, પ્રતિષ્ઠા, લોકપ્રિયતા,શાંતિ, નિર્ભયતા તથા મોક્ષમાર્ગ અપાવે છે.

## ૧. ન્યાયસંપન્ન વૈભવ

ન્યાયસંપન્ન વૈભવ આલોક અને પરલોકમાં હિતકર છે.

કારણ કે,

આવા ધન દ્વારા વ્યક્તિ નિઃશંકપણે મિત્ર-સ્વજનાદિની સાથે ભોગ-ઉપભોગ કરી શકે છે.

તથા....

વિધિ પૂર્વક તીર્થયાત્રા અર્થાત્ દીન-અનાથ આદિના ઉદ્ધારકાર્યો કરી શકે છે.

અન્યાયથી કમાયેલું ધન અહિતકર જ હોય છે.

કારણ કે,

તે લાંબો સમય ટકી શકતું નથી,

ક્યારેક ટકી જાય તો વ્યક્તિ માટે વિનાશકારી બને છે.

ન્યાય જ ધન પ્રાપ્તિની ચાવી છે.

કારણ કે,

પૂર્વભવમાં વિશ્વાસઘાત, ઠગાઈ આદિથી લાગેલ પાપ ન્યાયથી જ નષ્ટ થાય છે

ત્યારે....

સંપત્તિ સ્વયં આપણી પાસે ચાલી આવે છે.

અન્યાયથી ધન લાભ નિશ્ચિત નથી.

અર્થાત્

ક્યારેક થાય અને ક્યારેક ન પણ થાય.

પરંતુ ,

અન્યાયથી નુકશાન અવશ્ય છે.

કારણ કે,

અન્યાયથી લાગેલ પાપ ફળ આપ્યા વિના ક્ષીણ થતું નથી.

તેથી.....

ન્યાયથી ધન કમાવવું એજ સદ્ગૃહસ્થનો ધર્મ છે.

કહ્યું પણ છે કે,

"જેવું ધન તેવું અન્ન અને અન્ન તેવું મન. "

શુદ્ધ મનથી જ ઉન્નતિ થાય છે.

## પ્રસંગપટ

એક ભાઈ હતો.

નામ એમનું ભાઈચંદભાઈ .

એકવાર તેમણે એક મુસ્લીમના હીરાના નંગ સીફતથી પડાવી લીધા.

તે મુસ્લીમ-સજ્જને તેમને ખુબ સમજાવ્યા.

એટલું જ નહિ પણ તેમણે કહ્યું,

"મેં હીરાના નંગ લીધા જ નથી. મારા એકના એક તાજેતરમાં પરણેલા દીકરાના સોગંદ !"

હાથમાં માળા ફેરવતા મુસ્લિમ ભાઈ એકદમ બોલી ઉઠ્યા,

"અરે! અરે! ભાઈચંદ! આ તેં શું કર્યુ ?

આવા સોગંદ ખાવાની કશી જરૂર ન હતી.

પણ જેવી ખુદાતાલાની મરજી!

અને.....

તદ્દન સાજો, નરસો એ દીકરો તે જ રાતે એકાએક સખત તાવમાં પટકાયો.

સવારે ચાર વાગે તેના પ્રાણ પણ નીકળી ગયા !

આવા છે, અનીતિની ધન-કમાણીના કડવા ફળ.

## પ્રસંગપટ

એ હતા ખંભાતના એક નગરશેઠ.

જેટલા જૈનો ખંભાત આવે એ બધાને કાયમ ભક્તિથી જમાડે.

એમને સમાચારા મળ્યા કે, "તમારો રસોઈયો ઘી પીરસવામાં કંજુસાઈ કરે છે. "

થોડા દિવસે ખંભાત ગયા ત્યારે રસોઈયાને કહ્યું

"ઘણા ધર્માત્માઓની ભક્તિ તું કરે છે.

તને ખુબ પુણ્ય મળે છે......વગેરે "

પછી પ્રેમથી કહ્યું કે,

"ઘીના જેટલા ડબ્બા ખાલી કરશે તેટલા બે-બે રૂપિયા તને બક્ષીસ આપીશ ઘી છુટથી વાપરજે. "

કેવા બુદ્ધિશાળી ?

ઠપકો આપ્યા વિના પ્રેમથી અને ઉદારતાથી કંજૂસાઈની દુષણતા દુર કરી.

હવે, તમે જ કહો કે,

આવી ભક્તિના ભાવ અનીતિની સંપત્તિથી થાય કે નીતિની?

## ૨. ઉચિત વિવાહ

કુળ, શીલ, વૈભવ, વેશ, ભાષા આદિથી સમાન લોકો સાથે વિવાહ ઉચિત છે.

કુળ, શીલ આદિની અસમાનતામાં સંબંધ ગાઢ થઈ શકતા નથી

અને.....

અસંતોષ, ક્લેશ આદિની સંભાવના રહે છે.

વિવાહનું ફળ એટલેક શુદ્ધ પત્નીની પ્રાપ્તિ,

તેનું ફળ ખાનદાન પુત્ર પરંપરા,

અખંડ ચિત્તની શાંતિ,

ઘરના કાર્યોમાં સુંદરતા,

કુલીનાચારની વિશુદ્ધિ તથા

દેવ-અતિથિ-સ્વજનોનો સત્કારાદિ

પ્રસંગપામીને કુળવધૂની રક્ષાના ઉપાય અહીં બતાવ્યા છેઃ-

- ગૃહકાર્યોમાં તેને લગાવવી,
- સીમિત ધનની સોંપણી કરવી,
- સ્વચ્છંદી ન બનવા દેવી,
- માતાતુલ્ય સ્ત્રીઓનો સહવાસ કરાવવો.

### પ્રસંગપટ

લાલ બહાદુરશાસ્ત્રીએ પોતાની પત્નીને જાહેર સેક્ટરોમાં પ્રવેશ લેવા દીધો ન હતો.

અને.....

હિટલરે સત્તા ઉપર આવીને તમામ સ્ત્રીઓને જાહેર સ્થાનોમાંથી ખસેડીને ઘર સંભાળવા માટે ઘરોમાં મોકલી દીધી હતી.

### પ્રસંગપટ

એક રૂપવતી યુવતી હતી.

હાલ ગુજરાતમાં રહે છે.

શીલનો પ્રેમ ઘણો.

પરણ્યા પછી થોડા દિવસો બાદ દંપતી પતિના મિત્રને ઘેર ગયા.

વાતો કર્યા પછી તેમનો પતિ અને પતિના મિત્રની પત્ની બહાનું કાઢી બહાર ગયા.

પતિમિત્રે અશિષ્ટ વાતો આરંભી.

અડપલા કરવા ગયો કે યુવતી બહાર જવા માંડી !

પતિમિત્રે બારણા બંધ કરી,પગ પકડી તેને રોકી દીધી.

શીલરક્ષા માટે આ યુવતીએ માયા કરવી પડી. મીઠી-મીઠી વાતો કરી.

પેલો વિશ્વાસમાં આવતાં જ લાગ મળતાં તે ભાગી છૂટી!

પત્નીની અદલાબદલીથી બન્ને વિલાસી પતિ ભોગનો આનંદ મેળવવા ઈચ્છે છે એ વાત તે સમજી ગઈ હતી.

દેરાસરે જઈ હર્ષના આંસુથી યુવતીએ પ્રભુનો ઉપકાર માન્યો!

અવસરે પતિને પણ મક્કમતા પૂર્વક શીલનું મહત્ત્વ સમજાવી દીધું.

આવા વિલાસી કાળમાં પણ જો ઉચિત વિવાહના ગુણનું પાલન કર્યું હોય તો તમે જ વિચારો કે કેટ-કેટલા દોષોથી બચી શકાય?

## ૩. શિષ્ટાચાર-પ્રશંસા

લોક અપવાદનો ડર,

દીન - દુઃખીયાઓના ઉદ્ધારમાં આદર,

કૃતજ્ઞતા,

દાક્ષિણ્યતા,

પરનિંદા ત્યાગ,

સજ્જન ગુણાનુવાદ,

આપત્તિમાં ધૈર્ય,

સંપત્તિમાં નમ્રતા,
અવસરોચિત મિતભાષણ,
વૃથાવિવાદનો ત્યાગ,
સ્વીકૃત કાર્યને પૂરું પાડવું,
કુળ ધર્મનું પાલન,
નકામા ખર્ચનો ત્યાગ,
સદા સર્વત્ર ઔચિત્યનું પાલન,
ઉત્તમ કાર્યોમાં આગ્રહ,
બેદરકારીનો ત્યાગ,
લોકાચારનું અનુસરણ,
નિંદ્ય કાર્યોમાં અપ્રવૃત્તિ
વગેરે ગુણોથી યુક્ત ગુણી લોકોની પ્રશંસા કરવી જોઈએ
અર્થાત્
તેમના ગુણોનો સ્વીકાર કરવો જોઈએ.
ગુણીજનના ગુણોની પ્રશંસાથી ગુણોની પ્રાપ્તિ થાય છે.

## પ્રસંગપટ

કડવું ઝેર બની ગયેલું શાક હાથે કરીને જૈન-મુનિને વહોરાવી દેતી નાગીલા બ્રાહ્મણીને ચારે બાજુ જાહેર કરી દેવા માટે જૈનચાર્યે પોતાના શિષ્યોને ચોરે ચૌટે, નગરે નગરે મોકલ્યા હતા.

આટલું બધું અશિષ્ટ કાર્ય ફરી કોઈ ન કરે તે માટે સ્તો !

## પ્રસંગપટ

લાભ આપવા એક સુશ્રાવક મહારાજશ્રીને વારંવાર વિનંતી કરે.
પરંતુ લાભ ન મળે.
એક દિવસ ગદ્ગદ્ અવાજે પૂછ્યું .
"લાભ કેમ આપતા નથી ? "

મહારાજે ખુલાસો કર્યો ,

"તારા ભાવ તપાસું છું."

"દિલની ઈચ્છા ન હોય ને લાભ આપું તો તું ધર્મ છોડી દે."

અતિ ગળગળા થઈ ગુરુજીને એ કહેવા લાગ્યા કે,

"ગુરુદેવ !

આ પાપીની દયા ન ખાવ.

મારો પૈસો બધો પાપમાં જ ખર્ચાય છે.

વળી,

પત્ની, પુત્ર બધા મને ખંખેરે છે.

ઈચ્છા ન હોય તોપણ તેઓ માટે લાખો ખરચવા પડે છે, આ બધામાં ધન તો જાય છે,

પણ.....

ઉપરથી પાપ પણ બંધાય છે.

તેથી મને થાય છે કે ધર્મમાં ખર્ચાય તે સફળ છે.

માટે મારા કલ્યાણ માટે ઉદારતાથી લાભ આપવા કૃપા કરો !

વાહ ! કેવો શિષ્ટાચાર,

સંપત્તિ હોવા છતાં પણ કેવી નમ્રતા.

## ૪. આંતરશત્રુવિજય

આવેશના કારણે,

પરિણામ વિચાર્યા વિના કરેલા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ .

આ છ સદ્ગૃહસ્થોના આંતરશત્રુ છે.

આ લોકમાં અને પરલોકમાં અહિતકરી છે.

તેથી.....

તેનો ત્યાગ ઉભયલોકમાં હિતકારી છે.

## પ્રસંગપટ

એ હતા પાલનપુરના ડૉક્ટર.

યુવાન વય, રૂપાળા.

વધુ ભણવા ઈંગ્લેન્ડ ગયા, ડિગ્રી મેળવી.

મોટી હોસ્પિટલમાં સારી નોકરી મળી.

પોતાની ડ્યુટી મુજબ એક રાત્રે રાઉન્ડ લગાવી પોતાની રૂમમાં આવ્યા.

ડૉક્ટરને ખબર નહિ કે પાછળથી એક રૂપવતી નર્સે રૂમમાં આવી બારણા અંદરથી બંધ કરી દીધા છે.

યુવતીએ મીઠી-મીઠી વાતો કરી.

પછી કામના હાવભાવ શરૂ કર્યા.

પછી તો ઉપરના વસ્ત્રો પણ ઉતારવા લાગી ! !

સમજાવા છતાં બૂમાબૂમ કરીને કદાચ બેઆબરૂ કરે એમ વિચારી ડૉક્ટરે બારી ખોલી નવકાર ગણતાં નીચે ભૂસકો માર્યો.

ડૉક્ટર બચી ગયા.

આજે  એ પણ ડૉ. શીલરક્ષાનો પ્રસંગ યાદ કરી આનંદિત બની જાય છે.

કુશીલ સેવનારને તો જીંદગીભર પાપડંખ ખૂબ જ દુઃખી કરે છે.

હા,આજે એ ડૉક્ટર અમદાવાદમાં જ રહે છે.

જોયું ને કામ પર કેવો વિજય મેળવ્યો ! !

## પ્રસંગપટ

ભારતમાં કોઇ ધર્મગુરુ પાસે સિકંદર પહોંચ્યો.

તેમની પાસે સિકંદરે પોતાની મહાનતા વ્યક્ત કરતા ત્રણ વાતો કરી કે,

"હું મોટા સામ્રાજ્યનો સ્વામી છું,

હું મોટું સૈન્ય ધરાવું છું

અને....

મારી પાસે રૂપસુંદરીઓથી ભરપૂર અંતઃપુર છે."

આ ત્રણેય વાતની મજાક ઉડાવતા એ તત્ત્વજ્ઞ ધર્મગુરુએ તેને કહ્યું કે,

"ભલા ! વિશાળ સામ્રાજ્યનું તારું સ્વામિત્વ લોભદશાનું દાસત્વ પ્રગટ કરે છે.

વિરાટ સૈન્યનું સ્વામિત્વ તારી ભયદશાની પરાધીનતા છતી કરે છે

અને.....

તારી વાસનાની ગુલામી એ તારા અંતઃપુર દ્વારા છતી થઈ જાય છે."

કેવી લોલુપતા ! ! કેવી લોભ દશા ! ! કેવું દાસપણું ! !

## પ્રસંગપટ

એક મધ્યમ વર્ગના ભગત હતા.

પ્રભુભક્તિની ભાવના ઘણી જોરદાર.

તેથી નક્કી કર્યું કે, લગ્ન ન કરવા.

જેથી.....

પ્રભુભક્તિ માટે ઘણું ધન ખર્ચી શકું.

એમને રોજ ઉત્તમ દ્રવ્યોથી પૂજા વગેરે કરવાનો લોભ હતો.

પ્રભુનું બહુમાન એટલું બધું કે, પૂજારીને પણ ઘણીવાર ૨૫-૫૦ રૂપિયા બક્ષીસ આપી દે !

કહે કે,

"અમે તો ભક્તિ ૧-૨ કલાક સુધી કરીએ. જ્યારે તમે તો કલાકો સુધી વર્ષોથી આ મારા ભગવાનની ભક્તિ કરો છે !

તમને તો લાખો રૂપિયા આપીએ તોય ઓછા ગણાય ! "

કેવો લોભ પ્રભુભક્તિનો.

આ લોભ પ્રશસ્ત કહી શકાય.

## પ્રસંગપટ

પેલા સ્કંદકાચાર્ય !
જરાકમાં જીવન કેવું હારી ગયા !
૪૯૯ સાધુઓને ઘાણીમાં પીલાતા જોઈ શક્યા.....
ભારે ક્ષમાને ધારણ કરી,
પણ....
એક બાળ સાધુના કારણે પોતાની વાત ન સ્વીકારાઈ તેટલા માત્રથી ક્રોધ કેવો જાલીમ બની ગયો ! !

## પ્રસંગપટ

એ હતા પૂ. ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજા.
જ્યારે પણ પોતાના કોઈ સાધુને નાનું પણ અસંયમ કરતો જોતા કે તરત જ આંખ લાલ કરી ઠપકો આપતા.
ઠપકો આપવા માટે ક્રોધ પણ કરવો પડતો.
આ ક્રોધ બીજાના હિત માટે હોવાથી પ્રશસ્ત ક્રોધ પણ કહી શકાય.

## પ્રસંગપટ

બાહુબલિ !
માનના ફંદામાં કેવા ફસાયા હતા ?
સતત એક વર્ષ સુધી ભારે સાધના કરી
છતાં....
પેલી માનદશાએ એમને કૈવલ્યનો પ્રકાશ ન જ દેખાવા દીધો !

## પ્રસંગપટ

મહમદ ગીઝની !
કહે છે કે ભારત ઉપર ૧૭-૧૭ વખત તે ત્રાટક્યો હતો
અને.....
અઢળક સંપત્તિ વગેરે લૂંટી ગયો હતો.

પણ....

એની અંતદશા તો જુઓ,

એ સંપત્તિના મદમાં જ પાગલ થઈ ગયો !

## પ્રસંગપટ

હાથીઓને ખાણમાં ગબડાવીને,

તે દર્શને અને

તેમની ચીચીયારીઓમાં આંનદ પામતો દેખાતો રાજા- મહિરિકુલ!

અને......

પોતાની રખાતના આગ્રહથી ગંગાનદીના સહેલાણીઓને હોડીમાંથી ડૂબાડાવતો રાજા બહાદુરશાહ !

શું ખરેખર હર્ષમાં હશે?

ના...ના.... એ હર્ષની રાખ પણ અંદરના ત્રાસથી ભરેલા અગ્નિ ઉપર માત્ર છવાયેલી હોય છે ! !

## ૫. ઈન્દ્રિય દમન

ઈન્દ્રિયોના વિષય, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં અત્યંત આસક્તિનો ત્યાગ જ ગૃહસ્થ માટે ઈન્દ્રિય દમન છે.

આનાથી ચિત્તમાં કંઈક શાંતિની પ્રાપ્તિ,

સમાજમાં પ્રતિષ્ઠા વગેરેની પ્રાપ્તિ થાય છે.

## પ્રસંગપટ

એક રમુજી રાજા હતો.

નામ એમનું નરદેવ.

એકવાર એમણે ઘોષણા કરી,

"તમારી બકરી મારી પાસે આવી મારું આપેલું ભોજન ન કરે તો તેને ૧૦૦૦ સોનામહોરનું મોટું ઈનામ આપીશ."

કોઈ સફળ ન થયું.

એક ઉસ્તાદ ૭ દિવસ પછી આવ્યો.

બકરીને ૭ દિવસ ખાવા આપ્યું.

મોં નાખતાં જ ડંડો મારે, ડંડાના ભયથી બકરીએ ખાવાનું બંધ કર્યું.

રાજાએ વસ્તુ ધરી, છતાં ન ખાતાં ઉસ્તાદ ઈનામ જીતી ગયો.

કેટલીક વાર ઈન્દ્રિયોને આવી દમન નીતિથી પણ વશ કરેલી સારી.

## પ્રસંગપટ

એક ઈન્દ્રિયસુખ લોલુપ માણસ હતો.

એને આપણે જીતુ કહીશું.

જીતુ પરણ્યો પણ પોતાની પત્નીથી સંતોષ ન હતો.

વળી,

અધ્યાપક હોવાથી એક વિદ્યાર્થીનીના પ્રેમમાં પડયો.

વિદ્યાર્થીનીએ કહ્યું:

"તમારી પત્નીથી તમે છૂટાછેડા લો અને પછી આપણે લગ્ન કરીએ ત્યારે જ તે શક્ય છે."

ઈન્દ્રિય લોલુપ તે જીતુએ વિચાર્યું કે,

"છૂટાછેડા તો શક્ય નથી."

તેથી.....

જીતુએ વિદ્યાર્થીનીને પરણવા માટે પોતાની જ પત્નીનું મોત કરાવી દીધું ! !

હાય ! કોવી લોલુપતા ! !

પછી....

લગ્નનો પ્રસ્તાવ લઈ વિદ્યાર્થીનીની પાસે આવ્યો.

તરત જ વિદ્યાર્થીની તાડુકીને બોલી:

"તમે મારા માટે તમારી પત્નીને મારી નાખી !

તો શું ખાતરી કે ભવિષ્યમાં તમે મને વફાદાર રહો ?"

આ સાંભળતાં જીતુ તો હેબતાઈ જ ગયો.

અતિ ઈન્દ્રિય લોલુપોની આ જ દશા થાય છે.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** કેવો આત્મા માર્ગાનુસારી કહેવાય ?

**પ્રશ્ન-૨** માર્ગાનુસારિતાના ૩૫ ગુણોયુક્ત જીવન વ્યક્તિને શું અપાવે છે ?

**પ્રશ્ન-૩** સદ્ગૃહસ્થોના કેટલા આંતરશત્રુ છે ? કયા કયા ?

**પ્રશ્ન-૪** શેનો ત્યાગ ગૃહસ્થ માટે ઈન્દ્રિય દમન છે? તેનાથી શું પ્રાપ્ત થાય છે ?

**પ્રશ્ન-૫** કેવા ગુણોથી યુક્ત ગુણી લોકોની પ્રશંસા કરવી જોઈએ?

**પ્રશ્ન-૬** કેવા લોકો સાથે વિવાહ ઉચિત છે ?

---

હૃદય પર
જો
પ્રભુનું
આસન હોય અને
મન પર
જો
પ્રભુનું શાસન હોય
તો જીવનને
પવિત્ર રાખવામાં કોઈ જ
તકલીફ પડે તેમ નથી.

# ૨

## ૬. ઉપદ્રવવાળા સ્થાનોનો ત્યાગ

અશાંતિના કારણે આવા સ્થાનોમાં ધર્મ, અર્થ અને કામના વિનાશની સંભાવના રહે છે

તથા,

નવું ઉપાર્જન ન થવાથી ઉભયલોકનું અહિત જ થાય છે.

### પ્રસંગપટ

સુદર્શનની મિત્રપત્ની તેના પર કામાર્ત બની.

વાસનાપૂર્તિ કરવા માટે તેણે અચાનક સુદર્શનને મિત્રની ગંભીર માંદગીની વાત કરી જલ્દી ઘરે આવવા જણાવ્યું.

ભોળા સુદર્શનને કશીય ગંધ ન આવી

અને....

તે ઘેર ગયો.

અકાળે કોઈના ઘરે આ રીતે જવાનું પરિણામ તેણે જોઈ લીધું.

ભારે ચાલાકી કરીને તે ભાગી છૂટ્યો.

અને.....

તેના શીલની રક્ષા થઈ ગઈ.

આમ, આવા ઉપદ્રવવાળા સ્થાનોનો ત્યાગ કરવો એ જ સુયોગ્ય છે.

### પ્રસંગપટ

એક ભાઈ હતા.

આપણે તેને અમુલકચંદ કહીશું.

તેઓ એકવાર રાત્રે પોતાના મિત્રની બર્થ-ડે પાર્ટીમાં ગયા.

જૈનધર્મમાં રાગી હોવાથી,

લોકોના હઠાગ્રહ હોવા છતાં પણ પાણી સુદ્ધાં ત્યાં પીધું નહિ.

પરંતુ,

જ્યારે સાથી મિત્રોએ ભરપૂર પેટ પૂજા કરી.

મિત્રો સાથે વળતાં એક જ બસમાં આવતા રસ્તામાં જ અકસ્માત થઈ ગયો.

અતિ ભયંકર હતો તે અકસ્માત

છતાં પણ,

અમૂલકચંદ સિવાય કોઈ બચ્યું નહિં.

જોયુંને ! મોજમજા માણવા જેવી પાર્ટીમાં જવા છતાં ધર્મની કેવી કટ્ટરતા.

## ૭. ઉચિત-ઘર

અત્યંત ખુલ્લું કે અત્યંત ઢંકાયેલું ન જોઈએ.

યોગ્ય પાડોશી હોવા જોઈએ

ઘર લક્ષણોયુક્ત હોવું જોઈએ. જેની પરીક્ષા શબ્દ-શુકનાદિથી કરવી જોઈએ.

તથા.....

મકાનમાં આવવા-જવાના દ્વાર સિમિત હોવા જોઈએ.

અત્યધિક ન હોવા જોઈએ.

### પ્રસંગપટ

જૈન કુળમાં જન્મેલા એ ભાઈએ,

મુસલમાનોના પાડોશમાં રહેતા સ્વમિત્રનું ખૂન કરી નાખ્યું.

આ છે પાડોશની અસર.

ખરેખર,

કહેવાય છે કે, "જેવો સંગ તેવો રંગ".

માટે,

સારા પાડોશમાં મકાન હોવું જોઈએ.

## ૮. પાપભીરૂતા

આલોક અને પરલોકમાં દુઃખની પ્રાપ્તિ ન થાય તે માટે,

ચોરી, જુગાર, પરસ્ત્રીગમન, મદિરા-પાન, માસ-ભક્ષણ આદિ પાપોનો ભય રાખવો જોઈએ.

અર્થાત્

આનાથી સ્વયંને દૂર રાખવો જોઇએ.

### પ્રસંગપટ

પરમાત્મા મહાવીરદેવની ઉપર જીવતી આગ જેવી તેજોલેશયા છોડી મૂકનાર,

પેલો ગોશાલક !

એ જ ભવમાં છેલ્લા કલાકોમાં સમ્યગ્દર્શન પામ્યો હતો.

તેનું કારણ-તેણે કરી નાખેલા પાપોની ધ્રુજારી.

એટલે કે,

પાપોનો ડર જ હતો.

## ૯. પ્રસિધ્ધ દેશાચાર-પાલન

સજ્જન સંમત અતિ રૂઢ ભોજન, પોશાક આદિ દેશાચારનું પાલન કરવું જોઈએ.

દેશાચારના ઉલ્લંઘનથી દેશવાસી જનતાની સાથે વિરોધી થવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે.

### પ્રસંગપટ

એક ગરીબ ગૃહસ્થના ઘર આગળથી જ યાત્રિકોનું વૃંદ પસાર થતું

હતું.

તેમને આગળ વધતાં રોકીને તે પોતાને ઘેર લઈ ગયો.

ઘરમાં સીધું સામાન તો હતું પણ બળતણ ન હતું.

ગૃહસ્થે તરત જ પોતાનો લાકડાના પાયાનો ખાટલો તોડી નાખ્યો !!

અને....

તેના પાયાઓને બળતણ તરીકે ઉપયોગમાં લઈને પણ સુંદર રીતે અતિથિ સત્કાર કર્યો !!

આ છે દેશાચાર પાલન.

## ૧૦. નિંદા ત્યાગ

સામાન્યથી નિંદાનો ત્યાગ કરવો જોઈએ.

ખાસ કરીને જનમાન્ય વ્યક્તિઓની નિંદા ન જ કરવી.

કોઈની નિંદા કરવામાં સામાન્યથી આપણા હૃદયમાં વ્યક્તિ પ્રત્યે રહેલ દ્વેષભાવ જ પ્રગટ થાય છે.

નિંદાથી આપણા અધિકાધિક શત્રુ બને છે.

### પ્રસંગપટ

એક સ્ત્રીની વાસના-પૂર્તિમાં જૈન સાધુએ સંમતિ ન આપી ત્યારે,

તે સ્ત્રીએ સાધુની ચારે બાજુ નિંદા શરૂ કરી દીધી ,

"પોતાને ગર્ભ રહ્યો હતો, તે ગર્ભનો પિતા જૈન સાધુ જ છે."

આવો આરોપ તેણીએ જાહેરમાં મુકયો !

પણ....

કેવા કમાલ સાધુ !

કોઈ પણ માણસ તેને આ બધી વાતો કરે ત્યારે તે એક જ વાક્ય પરમ સમતાથી બોલતા,

"અરે ! એ એવું બોલે છે ? હા....."

જોયું ! નિંદા સામે કોઈ નિંદા નહિ.
તેનો પ્રતિકાર પણ નહિ, રે ! ખુલાસોય નહિ.
અંતે બાઈ થાકી, તેણીએ ખૂબ પશ્ચાત્તાપ કર્યો.

## પ્રસંગપટ

૫-૭ વર્ષ પહેલાની આ સત્ય હકીકત છે.
સુરતથી લગભગ ૧૫૦ કિ.મિ. દુર એક ગામ છે.
એક ૧૮ વર્ષનો યુવાન આજની હવાથી ધર્મવિરોધી થયો.
સંઘ દર મહિને નવા અંગલુછણા કાઢતો. આવી સામાન્ય બાબતોમાં પણ તે નિંદા કરે કે ભગવાનને અંગલુછણા નવા-સારા જોઈએ વગેરે ક્યાં જરૂરી છે ?
આમ,
ધર્મના ઘણા કામમાં વિરોધ કર્યા કરતો.
ભરયુવાનવયે એને આંતરડાનું કેન્સર થયું.
ખૂબ હેરાન પરેશાન થાય છે. કારણ સમજી ગયો.
ઘરે ટ્રસ્ટીઓને બોલાવી તેણે કહ્યું,
મેં સંઘની અને ધર્મની ખૂબ આશાતના કરી છે. તેનું ફળ ભોગવી રહ્યો છું. છતાં મને એ આશ્વાસન છે કે અહિં જ મારા પાપનું ફળ મને મળી રહ્યું છે.એટલા મારા પાપ ઓછા થાય છે. વેદના અને મોતનો મને ડર નથી.
પરંતુ,
સર્વત્ર સર્વને મારો દાખલો આપી મારા વતી કહેશો કે:
"ધર્મ, સંઘ વગેરેની નિંદા, આશાતના કદી ન કરતા...."
હે વાચક ! યથાશક્તિ ધર્મ કરવો પરંતુ દેવ, ગુરુ, ધર્મ વગેરેની નિંદા અવહેલના તો કદી કરવી જ નહિં.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** અશાંતિના કારણે ઉપદ્રવવાળા સ્થાનોમાં શેના વિનાશનો ભય રહે છે ?

**પ્રશ્ન-૨** ઉચિત ઘર કેવું હોવું જોઈએ ?

**પ્રશ્ન-3** કેવા પાપોનો ભય વધુ રાખવો જોઈએ ?

**પ્રશ્ન-૪** દેશાચારના ઉલ્લંઘનથી શાની પ્રાપ્તિ થાય છે ?

**પ્રશ્ન-૫** ખાસ કરીને કોની નિંદા ન કરવી જોઈએ ? નિંદા કરવાથી શું પ્રગટ થાય છે અને તેનાથી શું નુકશાન થાય છે ?

---

**કાંટાઓ**
**ઓછા હોય એ નહીં**
**પણ પુષ્પો ચિક્કાર હોય**
**એ છોડ જ જો શ્રેષ્ઠ ગણાય છે.**
**તો દુઃખો ઓછાં હોય એ નહીં**
**પણ**
**સાત્ત્વિક પ્રસન્નતા ભરપૂર હોય**
**એ જીવન જ શ્રેષ્ઠ ગણાય છે.**

3

# ૧૧. ઉચિત વ્યય

આવકથી ઉચિત

અર્થાત્

આવકથી થોડો ઓછો વ્યય કરવો જોઈએ.

આજની થોડી બચત ભવિષ્યની ઘણી મોટી સંપત્તિ બને છે.

ધનલાભનો ચોથો ભાગ ધર્મકૃત્યમાં, ચોથો ભાગ સંગ્રહમાં તથા અડધા ભાગથી પોતાનું પોષણ કરવું અને નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ કરવી.

અને....

શેષથી સંસારના કાર્યો કરવા જોઈએ.

વ્યાધિ જેમ શરીરને નષ્ટ કરી દે છે.

તેમજ.....

આવકથી અધિક વ્યય વૈભવને નષ્ટ કરી દે છે.

## પ્રસંગપટ

એ હતો પુણીયો શ્રાવક !

સાધર્મિક-ભક્તિ કરવાની ભાવના જાગી.

ત્યારે,

નવું કમાવાનું વધારવાને બદલે,

ધણી-ધાણીઆણીએ વારા ફરતી ઉપવાસ કરવાનું ચાલુ કરીને તે બચતમાંથી જ સાધર્મિક-ભક્તિનું કાર્ય ઊભું કરી દીધું.

## પ્રસંગપટ

એમને આપણે રામલાલ કહીશું.

તેની કમાણી માસિક ૧૦,૦૦૦ રૂપિયા હતી.

છતાં પણ,

ધંધો વધવાના વિશ્વાસે બેંકની લોનથી બંગલો-ગાડી આદિ વસાવી લીધા.

એકવાર સમાચાર મળ્યા કે ધંધામાં ખોટ આવી છે.

ત્યારે તો તે હેબતાઈ જ ગયા

અને.....

આખરે બંગલા-ગાડી બધું જ વેચીને ભાડાના મકાનમાં આવવું પડ્યું.

આમ,

ઉચિત વ્યય કરવો. બેફામ ખર્ચા ન કરતાં ધર્મમાં પ્રવૃત્તિ કરવી.

## ૧૨. ઉચિતવેશ

ધન, વય, અવસ્થા, નિવાસસ્થાન વગેરેને યોગ્ય પોશાક ધારણ કરવો જોઈએ.

યોગ્ય વેશ-ભૂષાવાળા પુરુષ મંગલમૂર્તિ હોય છે.

તથા....

મંગળથી સંપત્તિની ઉત્પત્તિ થાય છે.

## પ્રસંગપટ

અજૈન રામાયણમાં આ પ્રસંગ છે.

જેમાં રૂપપરાવર્તનની વિદ્યાના બળથી સાક્ષાત્ રામનું રૂપ લઈને રાવણ સીતા પાસે ઉદ્યાનમાં જવા લાગ્યો.

અરિસામાં રામનો આબેહૂબ વેશ જોતાં જ પરસ્ત્રીગમનની તેની કામવાસના જ ખતમ થઈ ગઈ !!

જોયોને ! વેશનો પ્રત્યક્ષ પ્રભાવ !

## ૧૩. માતાપિતાદિ પૂજન

એમના ચરણોમાં પડીને ત્રિકાલ નમસ્કાર કરવા એ જ પૂજા છે.

બહારથી આવતા હોય ત્યારે આસન પરથી ઉઠીને તેમની સામે જવું.

વાણીથી સત્કાર કરી કુશળ-ક્ષેમાદિ પૂછવું.

જ્યારે તેઓ બેસે ત્યારે નિશ્ચલતાથી તેમની પાસે બેસવું

તથા,

ક્યાંય પણ તેમની નિંદાનું શ્રવણ ન કરવું.

તેમના થકી દેવ-પૂજાદિ ધાર્મિક કાર્યો કરાવવા,

સ્વયં તેમની આજ્ઞાથી પ્રવૃત્તિ કરવી,

પ્રત્યેક નવી અને ઉત્તમ વસ્તુ એમને ભેટ આપવી,

અને,

તેઓના જમ્યા પછી જ પોતે જમવું.

### પ્રસંગપટ

કુણાલની કેવી અદ્‌ભુત પિતૃભક્તિ !

સાવકી માતાના છલથી લખાયેલા શબ્દો,

"કુમારને આંધળો કરી નાંખજો."

એ પિતાના નામે ચડી ગયેલા હતા.

માટે.....

તત્કાળ અમલ કર્યો.

પોતે જ પોતાની આંખમાં બે તીક્ષ્ણ સોયાં ઘોંચી દીધા ! ! !

### પ્રસંગપટ

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજની કેવી

અનુપમ માતૃભક્તિ !

માતા-સાધ્વીજી પાહિનીના મરણ સમયે માતા-સધ્વીજીને પુણ્ય કહેતાં શ્રી સંઘે ૩ લાખ (કે ક્રોડ?) રૂ. કહ્યા.

ત્યારે....

સૂરિજીએ ૩ લાખ નવા શ્લોકોની રચના કરી.

તેનાથી જ

'ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર' નામનો ગ્રંથ રચાયો.

## ૧૪. સત્સંગ

જુગારી, શિકારી, ચોર અને વ્યભિચારી લોકોનો દૂરથી જ ત્યાગ કરવો.

એમના સંગથી અવશ્ય પતન થાય છે.

જેથી......

અસદાચારી લોકોનો ત્યાગ કરી ગુણવૃદ્ધિ માટે સજ્જનોનો સંગ કરવો.

ઉત્તમ વ્યક્તિઓના સંગથી સામાન્ય વ્યક્તિ પણ મહાન બને છે.

### પ્રસંગપટ

અઢાર રાજ્યોનો માલીક કુમારપાળ પૂર્વભવે તો જયતાક નામનો પલ્લીપતિ લુંટારો હતો.

તેના જીવનનો ત્યાં ટર્નીંગ પોઈન્ટ લાવી દેનાર આચાર્યશ્રી યશોભદ્ર સૂરિજીનો સત્સંગ હતો.

### પ્રસંગપટ

'ધર્મરુચિ' ધંધામાં વ્યસ્ત હતા.

કોઈકે કહ્યુ , "સાંતાકુઝમાં ખુબ સારા વ્યાખ્યાનો ચાલે છે."

તેમને ભાવના થઈ કે મારે આવો સુંદર લાભ લેવો.

રોજ સપરિવાર ગાડીમાં ત્યાં જતા. આત્માની યોગ્યતા ઊંચી હોવાથી સાંભળતાં સાંભળતાં ધર્મભાવના વધતી ગઈ.

એમના શ્રીમતીજી અને સુપુત્ર પણ ધર્મ ખૂબ કરવા માંડ્યા અને દીક્ષા પણ લઈ લીધી ! !

એ સત્સંગ હતો પ.પૂ. શ્રી પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મહારાજાનો.

## ૧૫. કૃતજ્ઞતા

આપણા પર કરાયેલા અન્યના ઉપકારોને ન ભૂલવા.

એટલું જ નહીં.

અવસરે ભરી સભામાં ઉપકારીના ઉપકારની પ્રશંસા કરવી એ કૃતજ્ઞતા છે.

આ ગુણ સર્વે ગુણોમાં શિરોમણી છે.

આ ગુણથી જ વ્યક્તિ ઉન્નતિના શિખર પર ચઢી જાય છે.

### પ્રસંગપટ

પરમાત્મા મહાવીરદેવ !

સંગમક દેવે ભયંકર કોટીનો ત્રાસ ગુજાર્યો !

તોપણ,

તેની વિદાય વેળાએ તેની પીઠ તરફ નજર કરતાં પ્રભુની આંખે ઝળહળીયા આવી ગયા.

પ્રભુને વિચાર આવ્યો કે,

"મારા અઢળક કર્મોનો નાશ કરી આપનારા-મારા ઉપકારી ઉપર હું કશો જ ઉપકાર કરી શકતો નથી !"

રે ! "એનું શું થશે ?"

કેવી કૃતજ્ઞતા ! ! !

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** ધનનો વ્યય કેવી રીતે કરવો જોઈએ ?

**પ્રશ્ન-૨** આવકથી અધિક વ્યયથી શું થાય છે?

**પ્રશ્ન-3** માતા-પિતાદિનો વિનય કેવી રીતે કરવો જોઈએ ?

**પ્રશ્ન-૪** કેવા લોકોથી દૂર રહેવું જોઈએ? કોનો સંગ કરવો જોઈએ?

**પ્રશ્ન-૫** કૃતજ્ઞતાની વ્યાખ્યા આપો.

---

ઝવેરાત જો
ગુંડાઓની ગલીમાં
મોતનું કારણ બને છે
તો શક્તિઓ
દુર્બુદ્ધિની હાજરીમાં
દુર્ગતિનું કારણ બને એ
સમજાય તેવી જ વાત
છે ને ?

"ખોરાક નથી પચતો
માટે પેટ બગડે છે"
આ સત્યપર તો સહુને
શ્રદ્ધા છે પણ
"બુદ્ધિ પચતી નથી
માટે મન બગડે છે"
આ વાસ્તવિકતા પર કોને
શ્રદ્ધા છે, એ પ્રશ્ન છે.

# ૪

## ૧૬. અજીર્ણે અભોજન

પૂર્વનું ભોજન જયાં સુધી પચી ન જાય ત્યાં સુધી નવું ભોજન છોડી દેવું.

કારણ કે,

અજીર્ણ ભોજનનું ન પચવું એ બધા રોગોનું મૂળ છે.

તેનાથી જ મૂર્ચ્છા, વમન, પ્રલાપ, વારંવાર થૂંકવું, અવયવોની શીથિલતા, ચક્કર આવવા વગેરે ઉપદ્રવો થાય છે.

તથા....

મૃત્યની પણ સંભાવના રહે છે !!

### પ્રસંગપટ

સંપ્રતિ મહારાજાએ પોતાના પૂર્વભવમાં ભિખારીના વેશમાં ભિક્ષા ન મળતાં આર્યસુહસ્તિસૂરિજીના કહેવાથી દીક્ષા ગ્રહણ કરી.

ઘણા દિવસે ભોજન મળતાં વધુ પડતું આરોગતાં અજીર્ણ થઈ ગયું.

તેનાથી પેટમાં ચુંક આવતાં મૃત્યુ થયું !

જોયું ને ? નાના દોષની પણ ભયંકરતા !!

## ૧૭. કાળે માફક ભોજન

ઉચિત સમયે,

ભૂખ લાગવાથી,

પ્રકૃતિ-સ્વભાવને અનુકૂળ,

રૂચિ પૂર્વક ભોજન કરવું જોઈએ.

કારણ કે,

ભુખ વિના આરોગેલું અન્ન અમૃત તુલ્ય હોય તોપણ વિષનું કાર્ય કરે છે.

તેમજ,

ભુખના સમયનું ઉલ્લંઘન કરવાથી અરૂચિ થઈ જાય છે.

અને....

શરીર ક્ષીણ થઈ જાય છે.

## ૧૮. જ્ઞાનવૃધ્ધોની સેવા

ગુણીજનોની સેવાથી ગુણ-હીન વ્યક્તિ પણ ગુણી બની જાય છે.

જેમ,

ધનવાનની સેવાથી દરિદ્ર ધની બની જાય છે.

તે જ રીતે, ગુણીજનની સેવાથી હિતોપદેશ આદિનો લાભ થાય છે.

### પ્રસંગપટ

રસ્તેથી ચાલ્યા જતા ગુરુ-શિષ્યના યુગલના માથે ઉપરથી કોઈ બાઈએ રાખની ટોપલી ઊંધી વાળી.

આથી,

શિષ્ય તો ખૂબ અકળાઈ ગયો.

પરંતુ જ્ઞાનવૃદ્ધ ગુરુજીએ તેને કહ્યું:

“રે ! મહેરબાની માન કર્મોની કે તેણે માત્ર ઠરી ગયેલા અંગારાની રાખ જ નાખી,

નહિ તો,

આપણા કરતૂતોની રૂએ તો ધગધગતા અંગારા જ પડવા જોઈતા હતા."

ગુરુજીના આ આશ્વાસનપ્રદ સાપેક્ષવાદને સાંભળીને શિષ્ય શાંત

પડી ગયો.

## ૧૯. નિન્દ્ય પ્રવૃત્તિનો ત્યાગ

આલોક અને પરલોકમાં અનાદરણીય,
મદ્યપાન,
માંસભક્ષણ,
પરસ્ત્રીગમન,
વગેરે નિંદનીય પાપસ્થાનોમાં જરા પણ પ્રવૃત્તિ ન કરવી.
આચાર શુદ્ધિથી સર્વ સંપદાઓ સ્વયં ચાલી આવે છે.
અર્થાત્
શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય છે.

### પ્રસંગપટ

પરસ્ત્રીમાં ભાન ભૂલેલો લલિતાંગ!
રાજાના એકાએક આગમને ગભરાઈ ગયો.
રાણી પણ ગભરાઈ ગઈ.
રાણીએ તેને સંડાસના બાકોરામાંથી નીચેની કોઠીમાં ઉતારી દીધો.
જેમાં વિષ્ઠા પડી હતી.
બાદ રાજા પણ ત્યાં જ શૌચ માટે ગયો.
લલિતાંગ ઉપર જ વિષ્ઠા પડી !!
પરસ્ત્રીગમનના પાપની પ્રત્યક્ષ નરક આવી છે.
ત્યારે,
પેલી સાચી નરક તો કેટલી ભંયકર હશે ?

## ૨૦. પોષ્ય વર્ગનું પોષણ

પોષણને યોગ્ય માતા-પિતા, આશ્રિત, સ્વજન, સેવક વગેરેનું

પોષણ કરવું જોઈએ.

સંપત્તિથી નિર્ધન-મિત્ર, નિઃસંતાન બહેન, સ્વજાતિના વૃદ્ધ અને નિર્ધન કુલીનને પણ પોષણ આપવું જોઈએ.

## પ્રંસંગપટ

વૃદ્ધ થઈ ગયેલા માતાપિતાની ઈચ્છા હતી કે તેઓને તીર્થયાત્રા કરાવાય.

અને....

ભક્ત પુત્ર શ્રવણે કાવડ તૈયાર કરી દીધી !!

પછી.....

બન્નેને કાવડમાં બેસાડીને, જાતે ઉપાડીને યાત્રાએ નીકળ્યો.

કેવી ઉત્તમ ભક્તિ !!

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** અજીર્ણે ભોજન કરવાથી કયા-કયા રોગો થઈ શકે છે?

**પ્રશ્ન-૨** ભોજન ક્યારે અને કેવું લેવું જોઈએ ?

**પ્રશ્ન-૩** ગુણીજનોની સેવાથી શો લાભ થાય છે?

**પ્રશ્ન-૪** કેવી નિન્દ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો જોઈએ?

**પ્રશ્ન-૫** કોનું-કોનું પોષણ કરવું જોઈએ?

પ્રેમ
એ પ્રારંભમાં જલસ્નાન જેવો
હોય છે.
વ્યક્તિને સ્વચ્છ કરે છે..
આગળ જતાં એ
અગ્નિસ્નાન જેવો બની જાય છે.
વ્યક્તિને શુદ્ધ કરે છે.

# ૫

## ૨૧. દીર્ઘદષ્ટિ

પ્રત્યેક પ્રવૃત્તિના અંતિમ પરિણામનો વિચાર કરવો.
જેમકે,
વિષવાળા ભોજનથી ક્ષણિક તૃપ્તિ થાય
પરંતુ,
પ્રાણોથી હાથ ધોવા પડે.
વિષવાળા ઔષધથી રોગનું ક્ષણમાં નિવારણ થાય
પરંતુ,
પ્રતિક્રિયા ભયંકર હોય છે.
આ પ્રમાણે સમજવું, વિચારવું એ દીર્ઘદષ્ટિ છે.

### પ્રસંગપટ

"દુષ્ટો દ્વારા પૃથ્વી કબજે થાય તો પ્રજા બરબાદ થાય."

એવી દીર્ઘદષ્ટિને કારણે જ શ્રીકૃષ્ણે કૂડ-કપટ કરવા પડે તો તેમ કરીને પણ કૌરવોને પરાજીત કરવામાં સક્રિય રસ નહિ લીધો હોય ?

## ૨૨. ધર્મ શ્રવણ

આનાથી કર્તવ્યોનું જ્ઞાન થાય છે.
અને.....
તેના પાલનથી પ્રબળતા પ્રાપ્ત થાય છે.
વૈરાગ્ય પ્રગટે છે.
તેનાથી,

જીવ સાંસારિક તુચ્છ ભોગોનો પરિત્યાગ કરી સંપૂર્ણ અહિંસા, સંયમ અને તપથી કામ-ક્રોધ-લોભ-મદ-માન વગેરેનો મૂળથી નાશ કરી સંસારના દુઃખોથી મુક્ત થાય છે. કહ્યું પણ છે કે-

-ધર્મ શ્રવણથી થાકેલું મન આરામ મેળવે છે.

-અશાંત હોય તો શાંત થાય છે.

-ભ્રાન્ત હોય તો માર્ગ પર આવે છે.

અને,

-વ્યાકુળ હોય તો સ્થિરતાને પામે છે.

## પ્રસંગપટ

આંખની કીકી જેવા, દેવ કુમાર જેવા,

બે કિશોર પુત્રોને ગોઝારા તળાવમાં ખોઈ નાખતી માતા,

પરમાત્મા મહાવીરદેવની ધર્મદેશના સતત સાંભળવાના કારણે જ આઘાત પામેલી આપઘાત કરવાના બદલે એકદમ સ્વસ્થ બની ગઈ.

અને.....

પોતાના પતિને પણ સ્વસ્થ રાખી શકી.

## પ્રસંગપટ

એક સત્ય ઘટના જોઈએ

એ યુવાન રોજની ૭૦ સિગારેટ પીતો હતો.

આ. રત્નસુંદર સૂરિજી વડોદરા પધાર્યા. તેમના વ્યાખ્યાન ગમી જવાથી બીજા યુવાને આ ચેઈન -સ્મોકરને રાત્રિના વ્યાખ્યાન સાંભળવાની પ્રેરણા કરી.

આ વ્યસની કહે, 'મારે ૧૫-૨૦ મિનિટે સીગારેટ પીવા જોઈએ. મારાથી નહીં અવાય''

મિત્રે કહ્યું, ''ભલે સિગારેટ પીજે પણ તું વ્યાખ્યાનમાં આવ. સેંકડો યુવાનો આવે છે.તું પાછળ છેલ્લો બેસજે. ત્યાં અંધારામાં કોઈને ખબર

નહીં પડે''

આગ્રહને કારણે રાત્રે વ્યાખ્યાનમાં ગયો.

ભવિતવ્યતાના યોગે એ વ્યાખ્યાનોમાં પ્રસંગોપાત સિગારેટની ભયંકરતા મહારાજશ્રીએ સમજાવી.

" ૩ ઈંચની સિગારેટ ૬ ફુટના આવા મહાન આત્માને કેવી નચાવે છે?"

એવી માર્મિક વાતો સાંભળીને યુવાનને સત્ય સમજાયું.

પૂજ્યશ્રી પાસે જીવનભર અભિગ્રહ માગ્યો ! !

તેના વ્યસનની વાત જાણી આચાર્યશ્રી વિચારમાં પડી ગયા. યુવાને દઢ અવાજમાં કહ્યું કે, ''ગુરુદેવ ! ડરો નહીં ૧૦૦ ટકા પાળીશ''

ખાતરી થતાં નિયમ આપ્યો.

જોયોને, ધર્મશ્રવણનો પ્રત્યક્ષપ્રભાવ ! !

## ૨૩. દયા

અંધ, પાંગળા વગેરે દીન દુઃખીઓ પ્રતિ અત્યંત દયા રાખવી.

અર્થાત્

તેમનો ઉદ્ધાર કરવો.

જેમકે ભૂખ્યાને ભોજનદાન,

વસ્ત્રહીનને વસ્ત્રદાન,

બિમારોને ઔષધદાન વગેરે કરવું,

પશુ-પક્ષી પર પણ દયા રાખવી.

જેમકે,

પક્ષીને ચણ,

પશુને ઘાસ,

કતલખાને જતા જીવો ને બચાવવા જોઈએ.

અર્થાત્

પ્રાણી માત્રના પ્રતિ દયા રાખવી જોઈએ.

## પ્રસંગપટ

પગના ગુમડાની રસીમાં થયેલી જીવાતો જમીન પર પડતી હતી.

તે જોઈને બાવાજી તેને પાછી ગુમડામાં મુકતા ! !

અને બોલતા,

"શું કરવા ધરતી ઉપર પડે છે ! ત્યાં તું મરી જઈશ.

લે, અહીં પાછી આવ, આ ગુમડામાં જ તારો ખોરાક છે, તારું જીવન છે."

## પ્રસંગપટ

ખંભાતના એ નગરશેઠ ખૂબ ધર્મ પ્રેમી.

જીવદયાને જાણ્યા પછી પૂજા માટે સ્નાન કથરોટમાં કરે ! !

અને.....

એ પાણી રેતીમાં નાખી દે.

નોકર કહે,

"શેઠજી ! લાવો હું નાખી દઈશ."

શેઠ કહે,

" હે ભાઈ ! આ જીવદયાનું કામ છે. એ હું જ કરીશ"

જીવો પ્રત્યેનો કેવો ભાવ ! !

## પ્રસંગપટ

"શ્રાવકજી! ગામ બહારના વાડામાં સેંકડો ભૂંડો પૂરાયેલા જોઈને આવ્યો છું. તપાસ કરવા જેવી છે કે કસાઈ આદિને વેચવાના નથીને? "

પં.મ. શ્રી પદ્મવિજય મહારાજે જીવદયા પ્રેમી બાબુભાઈ કટોસણ વાળાને પ્રેરણા કરી.

સુશ્રાવકે યથાશક્તિ કરવા સ્વીકાર્યું.

આગેવાન શ્રાવકો સાથે બાબુભાઈ અધિકારીઓને મળ્યા.

મ્યુનિ. ચીફ ઓફિસરે કહ્યું,

"ભૂંડો ઘણા વધી જવાથી ગામલોકોની વારંવાર ફરિયાદના કારણે મ્યુનિ. એ માણસો મારફતે પકડાવી નિકાલ કરવો પડશે."

શ્રાવકો કહે,

"સેંકડો ભૂંડોની કતલ અમારાથી સહન કેમ થાય? અમે જૈન છીએ."

ઓફિસરે કહ્યું:

"તમે આ ભૂંડોને ગામથી બહુ દુર મૂકાવો તો અમે તમને સોંપી દઈએ."

વિચારી શ્રાવકોએ પૈસા આપી ખુશ કરી ૧૩૦૦ જેટલા ભૂંડને ગામથી દુર મુકાવ્યા!!

હાલમાં આ ધર્મપ્રેમી બાબુભાઈ વૈરાગ્ય વધવાથી મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.ના શિષ્ય મુનિશ્રી બાહુવિજય બની સ્વપરહિત સાધે છે.

છે ને દયાનો પ્રત્યક્ષ ચમત્કાર!!

## ૨૪. બુદ્ધિના આઠ ગુણ ધારણ કરવા

(૧) શુશ્રૂષા-તત્ત્વ શ્રવણની ઇચ્છા.

(૨) શ્રવણ-તત્ત્વને સાંભળવું.

(૩) ગ્રહણ-સાંભળીને સ્વીકારવું.

(૪) ધારણ-સ્વીકારેલને સ્થાયી રાખવું અર્થાત્ ભૂલવું નહિં.

(૫) ઊહા-ચિંતન કરવું.

(૬) અપોહ-શાસ્ત્રવચન અને તર્કના બળ પર હિંસાદિ જે શાસ્ત્રવિરુદ્ધ સિદ્ધ હોય તેનો ત્યાગ કરવો.

(૭) વિજ્ઞાન-ભ્રમ, સંશય અને અજ્ઞાનથી રહિત પદાર્થોનું સુક્ષ્મ જ્ઞાન લેવું.

(૮) તત્ત્વનો અભિનિવેશ-'આ જ તત્ત્વ છે' આ પ્રકારનો નિશ્ચય.

બુદ્ધિના આ ગુણોને ધારણ કરનાર પોતાના ભાવિને ઉજ્જ્વળ બનાવે છે.

તથા,

દુઃખ અને પાપથી પોતાની રક્ષા કરે છે.

## પ્રસંગપટ

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજાને બ્રાહ્મણોની કાનાફૂંસીથી પ્રેરાઈને સિદ્ધરાજે પૂછ્યું કે, "શું તમે અમારા સૂર્યદેવને નથી માનતા? "

તરત જ સૂરિજીએ ઉત્તર આપ્યો,

"અમે જૈનો તેને જેટલા માનીએ છીએ તેટલા તો બ્રાહ્મણોય તેને માનતા નથી. જેવા સૂર્યનારાયણ અસ્ત પામે કે અમે જૈનો ખાવાપીવાનું છોડી દઈએ છીએ.

અને.....

એ જ્યારે બરોબર ઉદયમાં (૪૮ મિનિટે) આવી જાય ત્યારે જ અમે એ શોક દૂર કરીને ખાવાનું શરૂ કરીએ છીએ."

કેવી હાજર જવાબી ! !

## ૨૫. ગુણોનો પક્ષપાત રાખવો.

ચતુરાઈ, સજ્જનતા, ઉદારતા, સ્થિરતા, પૂર્વભાષણ વગેરે ગુણોનું બહુમાન રાખવું.

પ્રશંસા કરવી,

તથા,

આ ગુણોના ધારક ગુણીજનને સહયોગ આપવો એ જ ગુણપક્ષપાત છે.

ગુણપક્ષપાતથી ઉજ્જ્વળ ગુણ સમુહની પ્રાપ્તિ થાય છે.

## પ્રસંગપટ

એક ભીલ હતો.

તેને ત્યાં રાતવાસો કરેલા મુનિઓને ભીલે પૂછ્યું કે,

" તે આવતીકાલે ભોજનમાં શું લેશે? "

જ્ઞાની મુનિએ કહ્યું,

"મગનું પાણી."

બીજા દિવસે મગનું પાણી નહિ લેવાનો દઢ સંકલ્પ છતાં સખત તાવને લીધે લેવું જ પડ્યું.

ભીલ ધર્મ પામી ગયો.

## પ્રસંગપટ

એક સત્ય ઘટના જોઈએ.

આખા દેશમાં પ્રસિદ્ધિ પામેલા શત્રુંજયનો અભિષેક જે મહાન આત્માએ કરાવ્યો તે રજનીભાઈ દેવડી ખુબ ધર્મપ્રેમી હતા.

એકવાર એમને શુભ ભાવ જાગ્યો.

તે અનુસાર સંકલ્પ કર્યો કે સાધર્મિક ભક્તિ કરવી.

પોતે તપાસ કરી.

મધ્યમ વર્ગના ૨ ૨ જૈન પરિવારોને સ્વયં ૧-૧ લાખ રૂ. નું ગુપ્તદાન કર્યું ! !

આવી માતબર છતાં ગુપ્ત ભક્તિ કરનારા આવા હીરલા હડહડતા કળિકાળમાં પણ છે !

આથી ઉદારતાથી પ્રેરાઈને,

બીજા એક ડીસાવાસીએ છ માસ પહેલાં જ શોધીને એવા ૨ ૨ પરિવારોને નિમંત્રી. આદરથી જમાડી દરેકને ૧-૧ લાખનું દાન કર્યું.

જોયું ને ? ગુણીના ગુણ ગાવવાથી આપણામાં પણ એ ગુણ આવી શકે છે !

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** દીર્ઘદૃષ્ટિ એટલે શું?

**પ્રશ્ન-૨** ધર્મ-શ્રવણથી થતા લાભો જણાવો ?

**પ્રશ્ન-૩** કોના પ્રત્યે અને કેવી રીતે દયા રાખવી જોઈએ?

**પ્રશ્ન-૪** બુદ્ધિના આઠ ગુણો વ્યાખ્યા સહિત લખો.

**પ્રશ્ન-૫** ગુણપક્ષપાત એટલે શું?

---

બંદૂકનું નાળચું
ભલે છાતી સામે જ જુએ છે
પણ પ્રેમનું બારણું તો
છાતીના માલિક સામે ય
ખૂલે છે.

બુદ્ધિ
પરિધિમાં ફેરફાર ઝંખે છે.
"નાનો બંગલો મોટો થઈ જાય"
જયારે
હૃદય
કેન્દ્રમાં ફેરફાર ઝંખે છે.
"મારું, તારું બની જાય."

# ૬

## ૨૬. કદાગ્રહ ત્યાગ

બીજાને નીચો દેખાડવા માટે નિષ્ફળ, અન્યાયી અને અતિકઠિન કાર્યો કરવાની ઈચ્છાને કદાગ્રહ કહે છે.

તેનો ત્યાગ કરવો જોઈએ.

કારણ કે,

કદાગ્રહ વ્યક્તિને થકવી દે છે.

વળી,

કદાગ્રહ નીચતાનું લક્ષણ છે.

### પ્રસંગપટ

અનેક રીતે જેઓ 'મહાત્મા' કક્ષાના હતા તેવા રાવણ પણ સીતાજી અંગે કેવા કદાગ્રહમાં ફસાઈ ગયા !

મોટાઈમાં આ મોટી મુશ્કેલી.

મોટા માણસો ઝટ પોતાનો કદાગ્રહ છોડવા માટે સામાન્યતઃ તૈયાર હોતા નથી.

રાવણ યુદ્ધમાં રગદોળાયો,

લાખો માનવોનો સંહાર થઈ ગયો.

આ બધાના મૂળમાં પકડાઈ ગયેલી એક જ વાત હતી ને ?

## ૨૭. વિશેષજ્ઞતા

સુદેવ-કુદેવ, ધર્મ-અધર્મ,

સુગુરુ-કુગુરુ, તત્ત્વ-અતત્ત્વ,

કર્તવ્ય-અકર્તવ્ય,

આદિના ભેદને જાણવાથી વ્યક્તિ સમય-શક્તિ વગેરેના દુર્વ્યયથી પોતાને અટકાવી દે છે.

અને...

અલ્પ સમયમાં સફળતાને પ્રાપ્ત કરે છે.

## પ્રસંગપટ

જ્યારે નંદરાજાએ સ્થૂલભદ્રને કહ્યું કે,

"બગીચામાં બેસીને, વિચારીને આવ કે તારે હવે શું કરવું છે?

તારા પિતા શકટાળના મંત્રીપદે આવવું છે કે નહિ? "

બાર બાર વર્ષ જેણે રૂપકોશાના સંગમાં એકરસ બનીને વિતાવી નાંખ્યા હતા એ સ્થૂલભદ્રે પોતાની વિશેષજ્ઞતા હજુ ગુમાવી ન હતી.

એટલે જ,

આલોચવા (વિચારવા) ગયેલા સ્થૂલભદ્રે માથાના વાળ ખેંચવા રૂપ લોચી નાખ્યું !!

અને....

ગુરુદેવશ્રી સંભૂતિવિજયજી મહારાજાના શિષ્ય બની ગયા.

## પ્રસંગપટ

એક સત્ય ઘટના જોઈએ.

"કૃષ્ણ મહારાજાએ ૧૮૦૦૦ સાધુવંદનથી નરક નિવારી"

આ વાત સાંભળીને એક શ્રાવકે નક્કી કર્યું કે, " ચારિત્ર મોહનીય કર્મ ખપાવવા માટે ૧૮૦૦૦ સાધુને વંદન કરવા ! "

અને.....

ઘણા ઉપાશ્રયે બધા સુગુરુઓને વંદન કરવા મંડ્યા

ડાયરીમાં નોંધ કરે.

અજાયબી એ થઈ કે ૧૮૦૦૦ સુગુરુઓને વંદન થયા

અને......

ચારિત્ર્ય માહનીય નાહું.

અને....

દીક્ષા પણ મળી ગઈ ! !

જોયોને પ્રત્યક્ષ સુગુરુવંદનનો ચમત્કાર ! ! !

## ૨૮. દેવ, અતિથિ અને દીનની પૂજા, સત્કાર અને સેવા

પરોપકારી પરમાત્માની પૂજા કરવી,

અતિથિ-મહાત્માઓનો અન્ન-પાન-વસ્ત્ર-પાત્ર વગેરેથી સત્કાર કરવો

અને......

દીન-દુઃખીયોનો ઉદ્ધાર જ તેમની સેવા છે.

### પ્રસંગપટ

એ સુશ્રાવક મુંબઈ ગોડીજીમાં વર્ષોથી પૂજા કરે છે.

પૂજા ભાવથી-શાંતિથી કલાકો સુધી કરે છે.

કિંમતિ ઉત્તમ દ્રવ્યો, ઘણા ફૂલો વગેરેથી રોજ સુંદર આંગી કરે છે.

પૂજાના બધા ઉપકરણો હજારો રૂપિયાથી સોના,ચાંદી વગેરે ઉત્તમ દ્રવ્યોના વસાવ્યા છે.

રોજ તેનાથી પૂજા કરે છે !

કેવા પ્રભુભક્તિના ભાવ હશે એમના હૈયામાં !

### પ્રસંગપટ

ગુર્જરેશ્વર કુમારપાળે જીવનના છેલ્લા ૧૪ વર્ષોમાં સાધર્મિક ભક્તિમાં ચૌદ કરોડ સુવર્ણમહોર વાપરી હતી.

# ૨૯. ત્રિવર્ગ-અબાધા

(૧) ધર્મ-જેનાથી ઉત્થાન અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

(૨) અર્થ-ધન, જેનાથી બધા કાર્ય સિદ્ધ થાય છે.

(૩) કામ-જેનાથી ઈન્દ્રિયોનો અવાસ્તવિક આનંદ પ્રાપ્ત થાય છે.

ધર્મ અને અર્થની ઉપેક્ષા કરી માત્ર કામનું સેવન કરનાર વનહાથીની જેમ દુઃખી થઈ જાય છે.

અર્થ અને કામની ઉપેક્ષા કરી માત્ર ધર્મનું સેવન કરનારના માટે સંયમ જ શ્રેષ્ઠ છે.

ધર્મ અને કામની ઉપેક્ષા કરી માત્ર ધન કમાનાર કંજૂસ, અધમ અને પાપી છે.

આ પ્રમાણે પરસ્પર પીડા દાયક ધર્મ, અર્થ અને કામનું સેવન નિષેધ કહ્યું છે.

ક્યારેક કોઈ એકમાં બાધા ઉપસ્થિત હોય ત્યારે ધર્મની રક્ષા કરવી જોઈએ.

કારણ કે,

ધર્મથી જ અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે.

## પ્રસંગપટ

મમ્મણ શેઠ !

ધનની કારમી લાલસામાં ધર્મ તો ખોયો.

પરંતુ,

સાંસારિક સુખો પણ ખોઈ નાખ્યા.

આ ભવમાં તો દુઃખી થયો

પણ,

પછીના ભવમાં સાતમી નારકના આગઝાળ દુઃખો અનુભવવાનો વખત આવ્યો ! !

## પ્રસંગપટ

મહાભારતનું પાત્ર વિચિત્રવીર્ય !
પાંડુ રાજાના પિતા !
કામની તીવ્ર વાસનાનો ભોગ બનીને યૌવન વયમાં જ મૃત્યુ પામ્યા.
સંભવ છે કે પાંડુને જે જન્મથી જ પાડુંરોગ હતો,
તેનું કારણ પિતાની તીવ્ર કામવાસના જ હોય ! !

## ૩૦. દેશકાળને ઉચિત ચર્ચા.

દેશ કાળનો અર્થ છે અવસર.
જે કાર્યનો જ્યારે અવસર હોય ત્યારે જ તે કાર્ય કરવું.
તેનાથી શીઘ્ર સફળતા મળે છે.
તેનાથી વિપરીત અવસરે કાર્ય કરનાર તથાવિધિ ચોર આદિ ઉપદ્રવોના સમુહનો શિકાર થવાથી અવશ્ય આલોક અને પરલોક સંબંધી અનાર્થોને પામે છે.

## પ્રસંગપટ

સિદ્ધ નામનો જુગારી બ્રાહ્મણ.
એકવાર બધું ખોયું, સિવાય ૫૦૦ દ્રમ્મ.
તેની ઉપર તેણે દાવ લગાવ્યો.
જો તે હારે અને છતાં ૫૦૦ દ્રમ્મ ન ચૂકવે તો માથું કપાવવાની શરત મૂકી.
સિદ્ધે કબુલી.
અને....
આખરે સિદ્ધ હાર્યો.
૫૦૦ દ્રમ્મ દેવાની દાનત ન હતી
એટલે ,
બચવા માટે ભાગ્યો.

પૂરા જુસ્સાથી જુગારીઓ મારવા પાછળ પડ્યા.

સિદ્ધ કોઈ ઉપાશ્રયમાં પેસી ગયો.

કરુણાસાગર આચાર્ય ભગવંતે તેને અવસર જોઈ બચાવ્યો.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** કદાગ્રહની વ્યાખ્યા આપો, તે શાનું લક્ષણ છે?

**પ્રશ્ન-૨** વિશેષજ્ઞતાથી વ્યક્તિ સફળતાને કેવી રીતે પ્રાપ્ત કરે છે?

**પ્રશ્ન-3** દેવ, અતિથિ અને દીનની પૂજા, સત્કાર, સેવા કેવી રીતે કરવી જોઈએ?

**પ્રશ્ન-૪** ધર્મ, અર્થ અને કામની પરસ્પર ઉપેક્ષા કરવાથી શું પ્રાપ્ત થાય છે ?

**પ્રશ્ન-૫** દેશ-કાળનો શો અર્થ થાય છે ?

---

ધીરજે
એક વખતના
નબળા માણસોને પણ
બળવાન બનાવી દીધા છે
તો
અધીરાઈએ
એક વખતના
બળવાન માણસોને પણ
નિર્બળ બનાવી દીધા છે.

# ૭

## ૩૧. સ્વસામર્થ્ય આદિનો વિચાર કરવો.

સમય કેવો છે ?
મિત્ર કેવો છે ?
દેશ કેવો છે ?
વ્યય કેટલો છે ?
આવક કેટલી છે ?
હું કોણ છું ?
મારી શક્તિ કેટલી છે ?
આ વારંવાર વિચારવું જોઈએ.
કારણ કે,
શક્તિનું ઉલ્લંઘન કરી આદરેલું કાર્ય વિનાશનું નિમિત્ત હોય છે.

### પ્રસંગપટ

શિવાજીએ તુકારામને પાલખી, ઘોડા,છત્ર વગેરે વસ્તુઓની ભેટ મોકલાવી હતી.

માથુરબાબુએ રામકૃષ્ણના ખભે મૂલ્યવાન કામળી નાખી દીધી હતી.

બન્ને વ્યક્તિઓ પોતાના ઈષ્ટદેવ-અનુક્રમે પાંડુરંગ અને કાલિ પાસે ગયા.

અને .....
બંનેએ કહ્યું,
"અમે તારા ભક્તો આવી લાલચમાં કદી ફસાતા નથી હોં !

અમારી ભક્તિના બદલામાં અમે આટલાથી પતાવટ કરવાની ભૂલ કદી કરશું નહિ.

અમને તો તારામાં વિલીન થઈ જવાથી જરાય ઓછું ખપતું નથી !''

કેવી વિશેષજ્ઞતા !

## ૩૨. લોકપ્રિયતા

લોકમાનસના અનુસાર વ્યવહાર કરનાર લોકપ્રિય બને છે.

લોકમાનસની ઉપેક્ષાથી લોકોના દિલમાં પોતાના પ્રતિ તિરસ્કારનો ભાવ ઉત્પન્ન થવાથી પોતાની જ લઘુતા થાય છે.

તેથી,

લોક વિરુદ્ધ તથા ધર્મ વિરુદ્ધ આચરણનો ત્યાગ કરવો જોઈએ.

તથા....

બધા લોકોની સાથે અતિ પરિચયનો ત્યાગ કરવો જોઈએ.

કારણ કે,

અતિ પરિચયથી ગુણવાનનો પણ અનાદર થાય છે.

### પ્રસંગપટ

કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રસૂરિજી મહારાજા કાળધર્મ પામ્યા ત્યારે તેમની ચિતાની રાખ લેવા અઢારેય કોમના લોકોની એવી પડાપડી થઈ કે રાખ તો સાફ થઈ ગઈ,

પછી......

તે જગાની માટી પણ લોકો લેવા લાગ્યા.

આથી,

ત્યાં મોટો ખાડો પડી ગયો. જે ઘણા વર્ષો સુધી "હેમખાડ" તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

કેવા હશે એ સહુને પ્રિય ?

# ૩૩. પરોપકારિતા

નિઃસ્વાર્થ ભાવથી તન-મન-ધન દ્વારા આપત્તિમાં પડેલાની સહાય કરવી એ પરોપકાર છે.

તેના સમાન કોઈ પુણ્ય નથી.

પરોપકાર કરનાર લોકપ્રિયતા અને આનંદને પામે છે.

## પ્રસંગપટ

દયાનંદ સરસ્વતીનું નામ તો તમે સાંભળ્યું જ હશે.

તેઓએ પોતાને ઝેર આપનાર રસોઈયાને પોતાના ખીસ્સાના ૨૦ રૂ. આપીને કહ્યું,

"તું આ રકમથી ટ્રેઈનની ટિકિટ કઢાવીને દુર દુર ઝટ ભાગી જા, નહિ તો મારા ભક્તો તને જીવતો નહિ છોડે."

## પ્રસંગપટ

એક પ્રત્યક્ષ દાખલો જોઈએ.

વિજાપુરના કુમારપાલ વી. શાહ.ઘણા એમને ઓળખે છે.

આજે તેઓ જે શાસન સેવા, જ્ઞાનભક્તિ, અનુકંપાદાન વગેરે અનેકવિધ સત્કાર્યો કરે છે. તેના પાયાનો એક સુંદર પ્રસંગ જોઈએ.

ગચ્છાધિપતિ પૂ.આ.વિ. ભુવનભાનુસૂરિજી મ.સા.ની નિશ્રામાં યોજાયેલ અચલગઢની શિબિરમાં તેઓ ગયા.

એક દિવસ ભયંકર વાવાઝોડું ફૂંકાયું.

પાણીની વજનદાર કથરોટો પણ ઊડવા માંડી.

લાઈટો બધી ઓલવાઈ ગઈ.

આ ભયંકર આફતમાંથી બધા બચે એ શુભ ભાવથી એમણે મનમાં સંકલ્પ કર્યો કે, "જો દશ મિનિટમાં આ આપત્તિ નાશ પામે તો જીવનભર બ્રહ્મચર્ય પાળીશ ! ! "

ભર યુવાન વય છતાં અનેકોના હિત માટે તેઓ આવું ખૂબ કઠિન વ્રત લેવા તૈયાર થઈ ગયા !

અને....

ખરેખર વાવાઝોડું બંધ થઈ ગયું ! !

વળી એ સુશ્રાવક કેવા ઉત્તમ હૃદયવાળા કે બ્રહ્મચર્ય પાલન સાથે શાસન અને લોકોના અનેક કામો ઘણા વર્ષોથી કરી રહ્યા છે.

કેવી અનુમોદનીય પરોપકારની ભાવના ! ! ! !

## ૩૪. લજ્જાશીલતા

આ ગુણ વ્યક્તિને અનેક દોષોથી બચાવે છે.

લજ્જા માત્રથી દાન આદિમાં પ્રવૃત્તિ કરી અલ્પ કાળમાં જ ઉદારતા આદિ ગુણોનો સ્વામી બની જાય છે.

### પ્રસંગપટ

ચારિત્રના ભાવ પડી જતાં,

ઘરે જવાની તૈયારી કરતા ક્ષુલ્લક મુનિ માતા વગેરેના ૧૨-૧૨ વર્ષ પસાર કરી દેવાના આગ્રહની સામે લજ્જાથી બોલી ન શક્યા.

અને.....

દરેકના ૧૨-૧૨ વર્ષના સંયમપાલનના આગ્રહને વારાફરથી વશ થતા રહ્યા તો અંતે કેવા ફાવી ગયા !

કેવું આત્મા કલ્યાણ સાધી લીધું. ?

## ૩૫. સૌમ્યતા

આકૃતિ, વિચાર, વાણી અને વ્યવહારમાં કઠોરતાનો ત્યાગ કરી મૃદુતાને ધારણ કરવું એ જ સૌમ્યતા છે.

કઠોરતાથી પ્રીતિનો નાશ થાય છે.

સૌમ્યતાથી આત્મીયતા વધે છે, યશની પ્રાપ્તિ થાય છે અને વ્યક્તિ

આદરણીય બને છે.

## પ્રસંગપટ

આર્યા ચંદનલાલાજી !

તેમની અત્યંત સૌમ્ય મુખાકૃતિ જોઈને જ શેડૂવક નામના ગરીબ માણસને સંયમધર્મ પ્રત્યે ભારે અનુરાગ પેદા થઈ ગયો.

તેણે દીક્ષા લીધી.

અને.....

આત્મકલ્યાણ કર્યું.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** સ્વ-સામર્થ્ય આદિનો વિચાર કેવી રીતે કરવો જોઈએ?

**પ્રશ્ન-૨** લોકપ્રીય કેવી રીતે થવાય છે ? અતિ પરીચયથી શું થાય છે ?

**પ્રશ્ન-3** પરોપકાર એટલે શું? તેનાથી શેની પ્રાપ્તિ થાય છે ?

**પ્રશ્ન-૪** લજ્જાશીલતા ગુણનું પાલન કરવાથી શો લાભ થાય છે?

**પ્રશ્ન-૫** સૌમ્યતા એટલે શું? તેનાથી શો લાભ થાય છે ?

દુઃખ
એ કદાચ
જીવનનો ભાર છે
પરંતુ
પાપ
એતો જીવનનો શ્રાપ છે.
શેનાથી બચવું છે,
ભારથી કે શ્રાપથી ?

# ભાગ-૨

# ઔચિત્ય પાલન

# ૮

# ઉચિતાચરણના નવ પ્રકાર

તેના પાલનથી સ્નેહવૃદ્ધિ, યશ વગેરેની પ્રાપ્તિ થાય છે.

તે નીચે મુજબ છે.

(૧) પિતા (૪) સ્ત્રી (૭) ગુરુ

(૨) માતા (૫) પુત્ર-પુત્રી (૮) નાગરિક

(૩) ભાઈ (૬)સ્વજન(સગા-સંબંધીઓ) (વ્યાપારી)

(૯) અન્ય ધર્મી.

## ૧. પિતા સંબંધી

એક સેવકની જેમ સ્વયં વિનયથી સેવા કરવી.

જેમકે,

પગ ધોવા-દબાવવા,

વૃદ્ધાવસ્થામાં ઉઠાડવા-બેસાડવા,

દેશકાળ મુજબ એમને અનુકુળ ભોજન, પથારી, વસ્ત્ર, વિલેપન વગેરેનું પ્રદાન.

આવા જ બીજા કાર્યો પુત્રે વિનયથી કરવા જોઈએ.

સ્વયં કરવા, નોકર વડે ન કરાવવા જોઈએ.

પિતા બોલે ન બોલે એટલામાં એમના વચનને વધાવી લેવું.

અને.....

'હાજી આવ્યો' કહી માનપૂર્વક વચનને સ્વીકારવું.

પરંતુ....

સાંભળ્યું ન સાંભળ્યું કરી માથું હલાવવું, વિલંબ કરવો વગેરે

ઉચિત નથી.

ઈચ્છિત કોઈપણ કાર્ય પિતાજીને મનપસંદ હોય તો જ કરવું.

તથા.....

નિષેધ કરાતાં અટકી જવું.

વિનયથી પ્રસન્ન થયેલા પિતા કાર્યના રહસ્યને પ્રગટ કરે છે.

વૃદ્ધોની સેવા વિના બુદ્ધિની નિર્મળતા દુષ્કર છે.

કરોડ તરુણ જેને ન જાણે તેને એક વૃદ્ધ જાણે છે.

આપણા મનની વાત પિતાજી આગળ પ્રગટ કરવી જોઈએ.

પિતાજીને પૂછીને જ કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

પોતાનો અપરાધ વિશેષ હોય ત્યારે પિતાજી સખત શબ્દોમાં સુચના આપે તો પણ વિનયશીલતાનો ત્યાગ ન કરવો જોઈએ.

આગમમાં પણ ઉલ્લેખ છે કે :-

(૧) માતા-પિતા

(૨) સ્વામી-શેઠ આદિ

(૩) ધર્માચાર્ય

આ ત્રણે ઉપકારી છે. એમના ઉપકારનો બદલો ચુકવવો દુ:શક્ય છે.

## પ્રસંગપટ

ભીષ્મની કેવી અનુપમ પિતૃભક્તિ !

પરકીય કોમની કન્યાને પરણાવવાની પિતા શાન્તનૂની ઈચ્છા પૂરી કરવા જતાં જે કાંઈ કરવું પડે તે બધું કરી છુટ્યા.

અરે ! એ માટે આજીવન બ્રહ્મચર્ય વ્રત લીધું ! !

અને.....

આજીવન રાજ્યત્યાગ પણ કર્યો ! !

તેની આવી કઠોર પ્રતિજ્ઞાને સાંભળીને તે વખતે દેવોએ પણ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી.

## પ્રસંગપટ

એક દૃષ્ટાંત આપણે પુત્રની પિતા પ્રત્યેની ભક્તિનું જોઈએ.

એક સુશ્રાવક છે. નામ એમનું રસિકભાઈ.

રહે છે કાકાબળીયાની પોળ, અમદાવાદમાં.

તેઓએ મનમાં શ્રેષ્ઠ પિતા બનવાનું નક્કી કરીને જન્મથી જ બધા બાળકોને ઉકાળેલું પાણી પીવરાવે છે.

જન્મના થોડા દિવસો પછી રાત્રિભોજન ત્યાગ કરાવે છે.

તથા.....

પૂજા તો રોજ કરાવે છે ! !

તમે પણ શ્રેષ્ઠ પિતા બનીને આવી શક્ય આરાધનાઓ તમારા બધા સંતાનોને કરાવી અનંત પુણ્ય ઉપાર્જો.

તથા....

તમારા વ્હાલા બાળકોને સુંદર સંસ્કાર અને પુણ્ય આપો.

## ૨. માતા સંબંધી

ઔચિત્ય પિતાની જેમ જ માતા સુસંસ્કારો ગર્ભ કાળમાં જ આપે છે.

પિતાજીની અપેક્ષાએ માતાજીના ઔચિત્યનો અધિક ખ્યાલ રાખવો.

માતા સ્ત્રી સહજ સ્વભાવના કારણે નાની-નાની વાતોમાં અપમાન માની લે છે.

જેથી......

ખાસ ખ્યાલ રાખવો કે નોકર આદિ એમનો પરાભવ ન કરે.

ઉત્તમ માતાઓ પુત્રના પવિત્ર આચરણ તથા શૌર્યાદિ પૂર્ણ કૃત્યોથી સંતુષ્ટ થાય છે.

જેથી......

સુકૃત્ય અને પવિત્ર આચરણ જ માતાને સંતુષ્ટ કરવાનો ઉપાય છે.

## પ્રસંગપટ

પરદેશની લાંબી સફર કરીને આવેલો પુત્ર એરોડ્રામથી સીધો કોઈ સભામાં ગયો, જ્યાં તેનું જ પ્રમુખપદ હતું.

પ્રમુખની ખુરશી ઉપર બેસતાં જ તેણે તે સભામાં સ્ત્રીવર્ગમાં બેઠેલી બાને જોઈ.

તરત જ તે ખુરશી ઉપરથી ઊભો થઈ ગયો.

અને.....

બા પાસે જઈને પગમાં પડી ગયો ! !

આમ થવાનું કારણ એ હતું કે તે છોકરો જ્યારે પાઠશાળામાં ભણતો હતો ત્યારે બા-બાપુજીને પગે લાગ્યાનો રોજ પાંચકો મળતો હતો.

આ પાંચકાએ પાડેલા સંસ્કારો હવે જામ થઈ ગયા હતા ! !

## ૩. ભાઈ સંબંધી

-તેને પોતાના સમાન જ જાણાવો.

-સર્વ કાર્યોમાં નાનાને પણ મોટા ભાઈ સમાન માનવો.

-નાનાભાઈએ મોટા ભાઈને પિતાની જેમ માનવા.

-નાનાને વ્યાપારાદિમાં કુશળ કરવો.

-ધનાદિ કપટ બુદ્ધિથી ગુપ્ત ન રાખવું.

ભવિષ્યમાં દુઃખનો પ્રતિકાર માની ધન સંગ્રહ કરી ગુપ્ત રાખે તો તેમાં કોઈ દોષ નથી.

કુસંગમાં રાચેલ તથા વિનયશૂન્ય બનેલા ભાઈને સાચા માર્ગે લાવવા માટે તેમના મિત્રો દ્વારા સમજાવવો.

પછી, એકાંતમાં કાકા, મામી, સસરા, સાળા વગેરે દ્વારા હિતશીક્ષા અપાવવી.

પરંતુ......

તિરસ્કાર તો ન જ કરવો.

આવું કરવામાં મર્યાદા અને લજ્જાનો ત્યાગ કરવાનું જોખમ છે.

સાચા માર્ગે આવી જાય તો પૂર્વવત્ પ્રેમથી વ્યવહાર કરવો.

સાચા માર્ગ પર ન આવે તો ઉપેક્ષા સેવવી.

ભાઈની સ્ત્રી-પુત્રાદિના વિષયે દાનાદિમાં સમાનતા રાખવી.

સાવકા ભાઈના સ્ત્રી-પુત્રાદિના વિષયમાં સર્વ ઉપચાર સગાથી પણ અધિક રાખવો.

કારણ કે,

સાવકાના મન જલ્દીથી બગડવાની સંભાવના રહે છે.

પરસ્પર ધર્મ કાર્યોમાં સાથે રહેવું.

પ્રમાદ હોય તો પ્રેમપૂર્વક પ્રેરણાદિ કરવા.

મિત્ર અને સાધર્મિક સંબંધી ઔચિત્ય પણ ભાઈની જેમ જ સમજવું.

## પ્રસંગપટ

S.S.C. માં નાપાસ થયેલો કિશોર ચોપાટીના દરિયામાં પડીને આપઘાત કરવા જતો હતો.

રસ્તામાં મળી ગયેલા સગા ભાઈને તેણે પેટની આ વાત કરી.

ભાઈએ કહ્યું:

"ભલે ! તારે આપઘાત કરવો હોય તો તને કોણ રોકી શકે છે?"

પણ......

તું એક વાત સમજી લે કે આપઘાત કર્યા બાદ ફરી જન્મ લે તો ઓછામાં ઓછા (માનવભવમાં) ૯માસ ગર્ભાવસ્થાના અને ૧૬ વર્ષે

કદાચ **S.S.C.** પાસ કરીશ.

અને....

જો આપઘાત ન કરે અને બરોબર મહેનત કરવા લાગે તો માત્ર છ મહિના પછી ઓક્ટોબરની પરીક્ષામાં તું **S.S.C.**પાસ થઈ જઈશ. હવે તારે જે કરવું હોય તે કર.''

કિશોરે આપઘાત કરવાનું માંડી વાળ્યું.

કેવી એક ભાઈની બીજા ભાઈને સમજાવવાની કળા ! કેવો પ્રેમ !

## પ્રસંગપટ

ધ્રાંગધ્રામાં ધીરૂભાઈ શાહ પાસે એક શ્રાવક પોતાને માથે પડેલી મુશીબતને રડતાં કહે છે કે,

''શેઠ સાહેબ ! ૮દિવસ પહેલાં શેર ખરીદ્યા હતા. એના ભાવો ગગડી ગયા છે. ૫ હજારનું વલણ ચૂકવવાનું છે. ૧૫૦૦ ચૂકવ્યા. હવે કાંઈ બચ્યું નથી. મુસીબતમાં ફસી ગયો છું, પૂરું દેવું નહિ ચુકવાય ત્યાં સુધી ભયંકર માનસિક દુઃખ સહેવું પડશે.''

ધીરૂભાઈએ કહ્યું:

'' પાંચ હજાર ચૂકવી દઉં છું, પણ ફરી આવું થશે ત્યારે શું કરશો?''

''આપ જ બતાવો''

''શેર સટ્ટાનો નિયમ લઈ લો.''

તરત જ તેણે શેઠ સમક્ષ જ નિયમ લીધો.

આમ,તે સાધર્મિક ભાઈને ધીરૂભાઈએ દુઃખથી કાયમ માટે બચાવી લીધા.

## ૪. સ્ત્રી સંબંધી

-પ્રીતિપૂર્વક વચન કહીને સ્વકાર્યમાં તેને ઉત્સાહિત રાખવી.

-પગચંપી આદિ કાર્ય-સેવામાં પ્રવર્તાવવી. એનાથી તેના મનમાં

સ્વાભાવિક રીતે પ્રેમ પ્રગટ થાય છે. વિશ્વાસ રહે છે.

જેથી સ્વપતિને નાપસંદ કાર્ય કદી પણ નહિ કરે.

આભૂષણાદિ આપવા.

કારણ કે,

આભૂષણાદિથી તેની શોભા થાય છે.

નાટક સિનેમાદિ સ્થાન, જ્યાં હલકા લોકો એકઠા થતા હોય ત્યાં જવાની મનાઈ કરવી.

રાત્રિના સમયે બહાર રાજમાર્ગ અથવા કોઈના ઘરે જતી રોકવી.

કુશીલ તથા પાખંડીના સંગતથી દૂર રાખવી.

અતિથિ સત્કાર , સ્વજન-સ્વાગત, રસોઈ આદિ ગૃહકાર્યોમાં જોડી પુત્રવધૂના દૃષ્ટાંતથી તેનું રક્ષણ કરવું.

સ્નેહવૃદ્ધિ માટે સ્નેહપૂર્ણ દૃષ્ટિ, વાર્તાલાપ, (અવસરે) ગુણપ્રશંસા, સારી વસ્તુનું પ્રદાન તથા અનુકૂળ વ્યવહાર આવશ્યક છે.

પ્રવાસાદિ કારણસર વધુ સમય માટે દૂર ન રાખવી.

કારણ કે,

આવી હાલતમાં તેનું મન ઉતરી જાય અને વિપરીત કાર્ય પણ કરી દે !

બે સ્ત્રીઓના પતિ બનવાના સંકટમાં ન પડવું.

કારણસર બે સ્ત્રીઓની સાથે લગ્ન કરવા પડે તો બન્ને તરફ તથા બન્નેના સંતાનો પ્રતિ સમદૃષ્ટિ રાખવી.

ક્રોધાદિથી આવિષ્ટ પત્નીને મૃદુતાપૂર્વક સમજાવવી.

નહિતર,

કુવા આદિમાં પડીને આત્મહત્યા કરવાનો ભય રહે છે.

વ્યાપારાદિમાં લાભ-હાનિની તથા ગુપ્ત વાત સ્ત્રીની આગળ ન કરવી.

કારણ કે,

સ્વાભવે કોમળ હૃદયવાળી હોવાથી અન્યને વાત કર્યા વિના ન રહી શકે.

અને....

વાત જાહેર થવાથી નિર્ધારિત કાર્યમાં નિષ્ફળતાની સંભાવના રહે છે.

આ પ્રમાણે સ્ત્રીને બધી વાતમાં પ્રધાનતા ન આપવી.

જે ઘરમાં પુરુષવત્ સ્ત્રી પ્રબળતાને પામે છે.

તે ઘર શીઘ્ર નષ્ટ થઈ જાય છે.

સુસંસ્કારિત કે સુશિક્ષિત હોય તો અવશ્ય સલાહ લેવી.

સુકુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓનો પત્નીને પરિચય કરાવવો જોઈએ.

રોગાદિથી ઘેરાયેલી હોય ત્યારે ઉપચારાદિની ઉપેક્ષા ન કરવી.

તપ, ઉદ્યાપન, દાન, પૂજા, યાત્રાદિમાં ધન આપી ઉત્સાહિત કરવી.

વિઘ્ન ન નાખવું. પત્ની દ્વારા ધર્મકૃત્ય કરાવવું એ પરમ ઉપકાર છે.

## પ્રસંગપટ

મંથર નામના કોળીને કાપડ વણવાની સાળ બનાવવા જંગલમાં સીસમના ઝાડોને કાપતાં વ્યંતરે ના પાડી.

છતાં કાપવા લાગ્યો ત્યારે વ્યંતરે બહાદુરીથી ખુશ થઈ વરદાન માંગવા કહ્યું.

ઘરમાં સ્ત્રીનું જોર હોવાથી પૂછવા જતાં માર્ગમાં વાળંદ મિત્ર મળતાં તેણે રાજ્ય માગવા કહ્યું.

છતાં સ્ત્રીને પુછ્યું.

સ્ત્રીએ લક્ષ્મી માગતાં પોતાને છોડી દેવાના અને રાજ્ય માગતાં દુ:ખ પામવાના ભયથી તેને કાપડ વણવા બીજા બે હાથ અને મસ્તક

માંગવા કહ્યું.

કોળીએ સ્ત્રીના કહેવા મુજબ કર્યું.

જેથી.....

વિચિત્ર સ્વરૂપે ગામમાં પેસતાં જ રાક્ષસ સમજી લોકોએ ઈંટ પથ્થર ફેંકી મારી નાખ્યો.

કહ્યું છે કે,

'જેને પોતાને અક્કલ નથી, તથા જે મિત્રનું કહ્યું માનતો નથી અને સ્ત્રીના વશમાં રહે છે તે મંથર કોળીની જેમ નાશ પામે છે.'

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** ઉચિત આચાર કેટલા પ્રકારે છે ? કયા કયા ? તેનાથી શાની પ્રાપ્તિ થાય છે ?

**પ્રશ્ન-૨** પિતાનું ઉચિત આચરણ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૩** કોના ઉપકારનો બદલો ચુકવવો દુઃશક્ય છે ?

**પ્રશ્ન-૪** માતાનું ઉચિત આચરણ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૫** સાવકા ભાઈ અને સગાભાઈનું ઉચિત આચરણ કેવી રીતે કરશો?

**પ્રશ્ન-૬** સ્ત્રીસંબંધી ઉચિત આચરણ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૭** સ્ત્રીનો પરિચય કોની જોડે કરાવવો જોઈએ ?

---

અજ્ઞાની પૂછે છે,
"પ્રેમ કરવાથી મળે શું ?"
જ્ઞાની આપણને પૂછે છે,
"ઘૃણા કરવાથી
મળ્યું છે શું ?"

# ૯

# ૫. પુત્ર (પુત્રી) સંબંધી

-તેને બાલ્યકાળમાં લાલન-પાલન, બુદ્ધિના વિકાસ સમયમાં કળાઓથી નિપુણ કરવો.

-સોળ વર્ષનો થઈ જાય ત્યારે તેની સાથે મિત્રની જેમ વર્તવું.

-દેવ-ગુરુ-ધર્મ-સજ્જન-સુખીઓનો સદા પરિચય કરાવવો.

-સ્વજનોની સાથે જ મૈત્રી કરાવવી.

-કુળ-શીલ-વૈભવથી સમાન કન્યા સાથે લગ્ન કરાવવા.

વ્યાપારમાં લગાવવો, વગર મેળનું દામ્પત્યજીવન એક વિડંબના રૂપ બને છે.

ઘરની ચિંતા તથા વ્યાપારમાં લાગી જવાથી યુવાવસ્થાના સહજ ઉન્માદને વશ ન થાય.

સ્વચ્છંદતા, નકામા ખર્ચાના દોષોથી સહજ બચી જાય.

ક્રમથી ઘર વ્યાપારાદિની માલિકી પરીક્ષા કરીને સોંપવી.

જેથી.....

તે પણ પ્રતિષ્ઠાને પામી શકે.

નાનો યોગ્ય હોય તો તેના પર પણ જવાબદારી સંભવે છે.

પુત્રની સામે તેની પ્રશંસા ન કરવી.

કારણ કે,

આવું કરવાથી તેની પ્રગતિ અટકી જવાની તથા અહંકાર આવી જવાની સંભાવના રહે છે.

વ્યસની બની જાય તો વ્યસનથી નુકશાન તથા વ્યસનીઓની દુર્દશા બતાવી અટકાવવો જોઈએ.

ધંધામાં, આવક-વ્યયમાં તથા બચત પર દેખરેખ રાખે જેથી પોતાનું મહત્વ બની રહે.

પુત્રને રાજસભા તથા રાજ્યના અગ્રણી લોકોનો પરિચય કરાવવો જોઈએ.

દેશ-પરદેશની યાત્રામાં સાથે રાખી ત્યાંના આચાર-વ્યવહારાદિનું જ્ઞાન કરાવવું જોઈએ.

આ વાતોથી કદી લાભ થાય કે ન થાય પરંતુ અનર્થથી રક્ષા થઈ શકે છે.

પિતાની જેમ માતાએ પણ પુત્ર અને પુત્રવધૂ પ્રતિ ઔચિત્યનું પાલન કરવું જોઈએ.

વિશેષથી,

સાવકા પુત્રના વિષયમાં.

કેમકે,

તે સહજથી કમી અનુભવનાર હોય છે.

## પ્રસંગપટ

બાળવ્રજ નાનીવયમાં દીક્ષા માટે ઉત્સુક બન્યો.

તેના પિતા ધનગિરિજી મુનિ હતા.

તેમની સાથે તેને ગોઠતું હતું.

માતાની ઈચ્છા પોતાની પાસે રાખવાની હોવાથી રાજા પાસે ગઈ !!

રાજાએ વડિલોને કહ્યુઃ

"તમે જ તેને આકર્ષો જેના તરફ ખેંચાય તેનો તે દીકરો."

માતાએ રમકડાં બતાવી લાલચ આપી નિષ્ફળ પ્રયત્ન કર્યો

પિતાએ સાધુચિહ્ન રજોહરણ બતાવ્યું ત્યારે વજ્રે દોડીને લઈ લીધું.

રાજાએ ન્યાય આપ્યો કે, "દીકરો તેના પિતાનો".

આમ માતાનો વાત્સલ્યપૂર્ણ અને પિતાનો વૈરાગ્યપૂર્ણ વ્યવહાર હોવો જોઈએ.

## પ્રસંગપટ

એક સત્ય ઘટના જોઈએ.

"એ સુશ્રાવિકાએ પોતાના યુવાન પુત્રનું આત્મહિત થાય એ માટે સમજાવ્યો કે, મહારાજ સાહેબ પાસે થોડો સમય રહે"

ભાવના એવી કે દીક્ષા લે તો તેનું કલ્યાણ થાય.

શ્રાવિકા ગુજરાતના હતા.

વર્ષો સુધી સાધુ સાથે રહેવા છતાં એ યુવાનને ભાવ ન થયો.

પછી એને પરણાવવો પડયો.

શું માની મહેનત નકામી ગઈ? ના,

એને દીક્ષા ગમી તો ગઈ. વળી માએ પણ દીક્ષાની પ્રેરણા ચાલુ રાખી.

અને.....

અંતે અપાવી ! ! !

આ મહાત્મા આજે પણ સાધુપણું પાળી રહ્યા છે.

આવું જોઈએ પુત્ર પ્રતી માતાનું વર્તન.

## પ્રસંગપટ

એક ગરીબ માતાએ પોતાના પુત્રને ડૉક્ટર બનાવવાની ઈચ્છાથી પેટે પાટા બાંધીને ભણાવ્યો.

મેટ્રિક પાસ થયા પછી ભણવા માટે અમેરિકા પણ મોકલયો !

રોજ માતા સ્ટેશને જાય અને પુત્રની રાહ જુએ અને રોજ એકલી ઘરે પાછી ફરે.

થોડા વર્ષો થયા ત્યાં સમાચાર મળ્યા કે દિકરો લગ્ન કરીને અમેરિકન પત્નીને લઈને ડોક્ટર બનીને પાછો આવી રહ્યો છે.

માતાને હર્ષ સાથે દુ:ખ પણ થયું.

કારણ કે,

માતાને પુછ્યા વિના, માતાની હાજરી વિના લગ્ન કર્યા હતા.

છતાં પણ......

માતાનું હૃદય એટલું વિશાળ હતું કે તેણે દિકરાને મનથી માફ કરી દીધો.

આવવાના દિવસે માતા સ્ટેશને ગઇ.

દિકરાએ ગાડીમાંથી ઉતરીને માતાના ચરણ સ્પર્શ કર્યા અને માતાએ તેના માથે હાથ મૂકી આશાર્વાદ પણ આપ્યા.

ત્યાં જ દિકરો બોલ્યો,

"મા ! તેં મારા માથે હાથ ભલે મૂક્યો પણ મારી 'હેર સ્ટાઈલ' તો બગડી નથી ને ! !"

કેવો ઘોર કળીયુગ ! માતાના આશીર્વાદ કરતાં 'હેરસ્ટાઈલ' મહત્વની થઈ ગઇ ! !

છતાં પણ ક્ષમાભંડાર એવી માતાએ જતું કર્યું.

હવે, ઘરે આવ્યા પછી તેની પત્નીને સાસુ સાથે ગોઠતું ન હતું.

તેથી.....

એકવાર રાત્રે ઉદાસ ચહેરે બેઠેલી પત્નીને જોઈને પતિએ પૂછ્યું, "પ્રિયા, શું વાત છે ? આમ કેમ ઉદાસ છે.?"

ત્યારે,

પ્રિયાએ કહ્યું, "મને એક એવી ઈચ્છા થઈ છે કે જે પૂરી થઈ શકે એમ નથી."

ત્યારે...

પત્ની પાછળ લટ્ટુ પતિએ પૂછ્યું, "તું કહે તો ખરી?"

પત્નીએ કહ્યું , "મને તમારી માતાનું કાળજું ખાવાની ઈચ્છા થઈ છે ! "

નફ્ફટ પતિએ બેધડક કહ્યું :

"પ્રિયા, તારા માટે તો બધું કરવા તૈયાર છું ! !"

રે.... આ કેવો કાળ ! પુત્ર જેવો પુત્ર માતાને હણવા નીકળ્યો છે ! !

તરત જ તીક્ષ્ણ ધારવાળું ચાકુ લઈને માતાના શયનખંડમાં ગયો

અને એક જ ઘા એ માતાનું કાળજું હાથમાં લઈ લીધું ! ! !

જેવો કાળજું લઈને પાછો ફરે છે કે તરત જ ઠોકર લાગતાં નીચે પડે છે.

અને......

કાળજામાંથી અવાજ આવે છે.

"બેટા ! ! તને વાગ્યું તો નથીને ? "

કેવી મા ! ! પુત્ર પ્રત્યે કેટલું વાત્સલ્ય ! !

## પ્રસંગપટ

એક સત્ય દૃષ્ટાંત જોઈએ.

ઊંઝાની એક ધર્મ પ્રેમી માતા હતી.

આપણે તેમને નિરમાબેન કહીશું.

એમણે મનમાં રાખેલું કે મારા બધા જ પુત્રો રોજ પૂજા કરતા હોવા જોઈએ.

અને....

એક પુત્રને દીક્ષા અપાવવી. તે માટે તો તેમણે બધા ફળ-ફ્રુટનો ત્યાગ કરી દીધો હતો ! !

પરંતુ....

એક પુત્ર પૂજા કરતો ન હતો.

તેથી....

માતાએ એકવાર મીઠાશથી કહ્યું, "બેટા! જા, પૂજા કરી આવ."

પરંતુ,

દિકરો માન્યો નહિં.

દિકરાને પાઠ ભણાવવા માતાએ તેની હાજરીમાં જ શરીર પર કેરોસીન છાંટી દીધું અને માચીસનું બોક્ષ લઈને સળગાવવા જ જતી હતી કે દીકરો રડતો-રડતો માતા પાસે ગયો અને કહ્યું:

"મા , હું હવે રોજ પૂજા કરીશ ! !"

તે દિવસથી દિકરો રોજ પૂજા કરવા લાગ્યો અને તમે નહિ માનો કે એ જ પુત્રે દીક્ષા પણ લઈ લીધી અને હાલ પણ તે હયાત છે.

કેવી માતા ! ! કેવો ભાવ ! ! કેવું બલિદાન ! ! કેવો ત્યાગ ! !

## ૬. સ્વજનો (સગા-સંબંધીઓ)સંબંધી

પિતૃ-પક્ષ, માતૃ-પક્ષ તથા પત્ની-પક્ષના લોકો સ્વજન કહેવાય છે.

પુત્ર-જન્મ, સગાઈ, વિવાહાદિ મંગલ કાર્યોમાં સદા તેમનો સત્કાર કરવો જોઈએ.

તેમના પર આપતિ આવી પડે ત્યારે પોતાની પાસે રાખવા જોઈએ.

સંકટ આવી પડવાથી અથવા તેમને ત્યાં કોઈ ઉત્સવાદિ હોય ત્યારે પણ સ્વયં જવું જોઈએ.

નિર્ધન અથવા રોગગ્રસ્ત હોય ત્યારે તેમના સંકટ દૂર કરવા જોઈએ.

સ્વજનાદિનો ઉદ્ધાર અસલમાં આપણો જ ઉદ્ધાર છે.

કારણ કે,

સંસારના ઉત્થાન, પતન ચિર-કાલીન હોતા નથી.

ક્યારેક દુર્દૈવથી આપણી ખરાબ અવસ્થામાં તે પણ ઉદ્ધાર કરી શકે !

જેથી સ્વજનો પર સંકટ આવવાથી અવશ્ય તેમનો ઉદ્ધાર કરવો જોઈએ.

સ્વજનોની પીઠ પાછળ ક્યારેય નિંદા ન કરવી.

તેમની સાથે મજાકમાં પણ નિષ્કારણ શુષ્ક વાદ ન કરવો.

કારણ કે,

આવું કરવાથી પ્રીતિનો ભંગ થઈ જાય છે.

તેમના શત્રુ જોડે મિત્રતા ન કરવી અને તેમના મિત્રો જોડે મૈત્રી કરવી.

સ્વજન ઘરમાં ન હોય અને એકલી સ્ત્રી જ ઘરમાં હોય ત્યારે પ્રવેશ ન કરવો.

તેમની સાથે લેણાદેણીનો વ્યવહાર ન કરવો.

દેવ-ગુરુ-ધર્મનું કાર્ય હોય ત્યારે તેમની સાથે એકદિલ થઈ જવું.

કારણ કે,

આ કાર્યોનો આધાર સમુદાય પર છે અને શોભામાં વૃદ્ધિ પણ થાય છે.

## પ્રસંગપટ

મધ્યમ સ્થિતિના જિનદાસના પિતા બાલ્યકાળમાં મૃત્યુ પામ્યા.

તેમના મિત્ર ધર્મદાસે તેને પોતાની પેઢીમાં બેસાડી હોંશિયાર કર્યો.

જતા દિવસે જિનદાસ પોતાની પેઢી ચાલુ કરતાં અઢળક સંપત્તિના સ્વામી થયા.

ભાગ્યવશ ધર્મદાસની પેઢીને ફટકો લાગતાં ગામનું દેવું પણ ન ચૂકવાય તેવી પરિસ્થિતિ સર્જાઈ.

જિનદાસને આ પરિસ્થિતિનો ખ્યાલ આવતાં પોતાની સંપત્તિથી ધર્મદાસનું દેવું ઉતાર્યું ! !

આ છે સ્વજનોનો પરસ્પર સંબંધ.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** પુત્ર સંબંધી ઉચિત આચરણ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૨** પુત્રની સામે તેની પ્રશંસા કેમ ન કરવી ?

**પ્રશ્ન-3** સ્વજન કોને કહેવાય ?

**પ્રશ્ન-૪** સ્વજનો (સગા-સંબંધીઓ)નું ઉચિત આચરણ કેવી રીતે કરવું જોઈએ ?

**પ્રશ્ન-૫** સ્વજન નિર્ધન, રોગગ્રસ્ત હોય તથા તેની ઉપર સંકટ આવી પડે ત્યારે કેવું આચરણ કરવું જોઈએ ?

# ૧૦

# ૭. ગુરુ સંબંધી

ત્રિકાલ ઉચિત ભક્તિ બહુમાન પૂર્વક કરવી.

તેમના બતાવેલા આવશ્યકાદિ કાર્ય કરવા

તથા.....

શ્રદ્ધા પૂર્વક ધર્મોપદેશ સાંભળવો.

તેમના આદેશનું બહુમાન કરવું. મનથી પણ અવજ્ઞા ન કરવી.

અધર્મી લોકો દ્વારા કરાયેલા ધર્માચાર્યના અવર્ણવાદને પોતાની શક્તિ અનુસાર રોકવો.

પરંતુ,

સાંભળવો નહિં:

કારણ કે,

સાંભળનાર પણ પાપી છે.

ધર્માચાર્યના સ્તુતિવાદ હંમેશાં કરવા

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધર્માચાર્યની સ્તુતિ કરવાથી પુણ્યાનુબંધિ પુણ્યનો બંધ થાય છે.

સુખ દુ:ખમાં મિત્રની જેમ તેમનું અનુવર્તન કરવું.

પ્રત્યનીકો દ્વારા કરાતા ઉપદ્રવોને પૂરી શક્તિ લગાવીને રોકવા.

અપરાધ થવાથી ધર્માચાર્ય શિક્ષા ફરમાવે ત્યારે ‘‘આપનું કથન ઉચિત છે’’ એમ કહી સર્વ સ્વીકાર કરવો.

ક્યારેક ધર્માચાર્યની સ્ખલનાનો ખ્યાલ આવે ત્યારે એકાંતમાં "મહારાજ, આપ જેવા ચારિત્રવાનને શું આ ઉચિત છે ?" આ પ્રમાણે

કહેવું.

ગુરુ પધારે ત્યારે શિષ્યે આસન છોડીને સન્મુખ જવું જોઈએ અને આસન પ્રદાન કરવું જોઈએ.

પગચંપી, શુદ્ધ વસ્ત્ર-પાત્ર-આહાર વગેરેનું પ્રદાન અવસરોચિત ભક્તિપૂર્વક કરવું.

તથા....

પોતાના હૃદયમાં ધર્માચાર્ય પ્રતિ દૃઢ અને નિષ્કપટ પ્રેમ ધારણ કરવો.

પરદેશમાં હોય ત્યારે પણ ધર્માચાર્ય દ્વારા સમ્યક્ત્વ પ્રાપ્તિ વગેરે કરાયેલા ઉપકારોને સતત યાદ કરવા.

વગેરે ધર્માચાર્ય સંબંધી ઔચિત્ય જાણવું.

## પ્રસંગપટ

કાર્તિક ચોમાસાના દિવસે યથેચ્છ આહાર કરી સૂતેલા શેલક મુનિરાજના પગે પ્રતિક્રમણનો સમય આવતાં ખમાવવાના અર્થે શીષ્ય પંથકે પોતાનું માથું અડાડ્યું.

નિદ્રા ઉડતાં ગુરુને કોપાયમાન થયેલા જોઈને પંથકે કહ્યું, 'ખમાવવાના અર્થે સ્પર્શ કર્યો.'

આ સાંભળી વૈરાગ્ય પામેલા શેલક મુનિ મનમાં વિચારવા લાગ્યા,

"રસવિષયમાં લોલુપ થયેલા મને ધિક્કાર થાઓ !"

આમ વિચારી ત્યાંથી તુરંત વિહાર કર્યો.

આમ, ઉપકારી ગુરુને રસવિષયમાંથી છોડાવી ગુરુના ઉપકારોનો બદલો વાળવો જોઈએ.

## પ્રસંગપટ

અમદાવાદના જે.ડી.મહેતા ઓપેરા હાઉસ પાસે રહે છે.

સાધુને વંદન કરવાથી ખૂબ લાભ થાય, તે જાણીને અમદાવાદ

ના જુદા-જુદા ઉપાશ્રયે મહાત્માઓના દર્શન કરવા જાય છે.

યાત્રા વગેરે માટે જાય ત્યારે પણ ડ્રાઈવરને તેમણે કહી રાખ્યું છે કે, "મુસાફરીમાં મહારાજ સાહેબને જુએ ત્યારે ગાડી ઉભી રાખજે. તું જેટલી વાર ગાડી રોકીશ એટલીવાર દસ રૂપિયા બક્ષીસ મળશે."

જેમ પૂર્વે રાજાઓ, શ્રેષ્ઠીઓ ગુરુ આગમનના સમાચાર આપનાર સેવકને આભૂષણો વગેરેનું દાન કરતા હતા તેમ આ ગુરુભક્ત ગુરુદર્શન કરાવનારને રાજી કરે છે.

કેવી ગુરુભક્તિ ! ! તમે પણ અગણિત લાભ કરનાર ગુરુવંદન રોજ કરવાનો સંકલ્પ કરજો હોં.

## ૮. નાગરિક (વ્યાપારી) સંબંધી

મુખ્યત્વે વાણિજ્ય દ્વારા અર્થોપાર્જન કરનાર લોકો નાગરિક કહેવાય છે.

તેમના સુખ-દુઃખ પોતાના સુખ-દુઃખ માની ઉત્સવાદિમાં હાજર થવું.

હળીમળી રહેવું નહિતર રાજ્યાધિકારી તેમને શિકારી જેમ હરણને જાળમાં ફસાવે તેમ સંકટમાં નાખી દે.

કોઈ મોટું કાર્ય હોય તો પોતાનું મહત્ત્વ બતાવવા માટે રાજ્યાધિકારીને અલગ-અલગ ન મળવું.

પરંતુ.....

સંગઠન રૂપથી એકને મુખ્ય કરીને મળવું.

કોઈ કાર્યની મસલત, ગુપ્ત વાતને તેમની આગળ પ્રકટ ન કરવી તથા ચુગલી ન ખાવી.

આવું કરવાથી પરસ્પર વૈર ભાવ ન થાય તથા કાર્ય સિદ્ધિ થાય.

કીડીઓનો સમુહ સર્પને પણ ખેંચી લાવે છે.

કાર્યની ગોપનીયતા બહાર પ્રકટ થઈ જવાથી કાર્ય સિદ્ધિ અસંભવ બની જાય છે .

તથા.....

રાજાદિના કોપની પૂરી સંભાવના રહે છે.

પરસ્પર વિવાદ ઉત્પન્ન થવાથી ત્રાજવાની જેમ રહેવું.

ન્યાયમાર્ગનું ઉલ્લંઘન ન કરવું.

રાજ્યાધિકારી, દેવસ્થાનના અધિકારી તથા તેમના હાથ નીચેના લોકો સાથે વ્યાવહાર ન કરવો.

કારણ કે,

આ લોકો દાક્ષિણ્યાદિથી શૂન્ય હોય છે.

આટલું જ નહિં પણ આપણને જુઠા અપરાધમાં લાવી શિક્ષાદિ પણ કરાવી શકે છે.

## પ્રસંગપટ

વિ.સં.૧૨૯૪માં જ્યારે રાજા વીરધવળ મૃત્યુ પામ્યો ત્યારે તેના આઘાતથી જીવનને અકારું કરી બેઠેલા અનેક પ્રજાજનો નાગરિકો તેની ચિતામાં બળી મરવા તૈયાર થયા હતા.

૧૨૦ માણસો તો બળી પણ ગયા !!

ત્યાર બાદ સખત પોલીસ-પહેરો ગોઠવાયો.

રાજાએ પૂર્વે નાગરિકો પ્રત્યે કેવો વ્યવહાર કર્યો હશે કે તેમની પાછળ મરવા તૈયાર થઈ ગયા !!

આપણે પણ એવો જ વ્યવહાર રાખવો !

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** ગુરુ સંબંધી ઉચિત આચરણ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૨** ગુરુની સ્ખલનાનો ખ્યાલ આવે ત્યારે તમે શું કહેશો ?

**પ્રશ્ન-3** નાગરિક કોને કહેવાય?

**પ્રશ્ન-૪** પરદેશમાં હોવ ત્યારે ગુરુનું ઉચિત કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૫** નાગરિકનું ઉચિત આચરણ કેવી રીતે કરશો?

# ૧૧

# ૯. અન્ય ધર્મી સંબંધી

અન્ય દર્શની (ધર્મી) ભિક્ષુક આપણા ઘરે ભિક્ષા માટે આવે તો તેને યથાયોગ્ય દાનાદિ આપવું.

રાજમાન્ય અન્ય દર્શની ભિક્ષાર્થે આવે ત્યારે તેને વિશેષ કરી દાન અવશ્ય આપવું.

શ્રાવકના મનમાં અન્ય દર્શની પ્રતિ ભક્તિ-બહુમાન ન હોય તો પણ અભ્યાગતનો (સામેથી આવેલ) આદર કરવો ગૃહસ્થનો ધર્મ છે.

ઘરે આવેલાની યોગ્યતા અનુસાર મધુર ભાષણ, આસન-પ્રદાન વગેરે ઉચિત આચરણ કરવું.

તથા....

મુસીબતમાં પડેલા લોકોને તેમાંથી નીકાળવા તથા દીન, અનાથ,અંધ, બહેરા, રોગી વગેરે દુઃખી લોકો પર દયા કરવી.

તથા....

શક્તિ મુજબ દ્રવ્ય સહાય કરી દુઃખમાંથી તેમનો ઉદ્ધાર કરવો એ સર્વ સંમત ધર્મ છે.

દુર્જનની સાથે વચનથી સરળતાદિ દાક્ષિણ્યતા રાખવી.

કામ પડતાં તેમને આગળ કરી સ્વકાર્યને સાધવું .

## પ્રસંગપટ

કરુણાના સાગર મહાવીરદેવ !

બ્રાહ્મણની વસ્ત્ર માટેની કાકલૂદીભરી વિનંતીથી તેમણે પોતાના ખભેથી, ઈન્દ્રે નાખેલું દેવદુષ્ય ફાડીને આપી દીધું.

અર્થાત્

આપણે પણ કોઈને ખાલી હાથ જવા ન દેવો.

શ્રાવકે ઔચિત્યનું પાલન અવશ્ય કરવું જોઈએ.

કારણ કે,

જે લૌકિક ઔચિત્યમાં કુશળ નથી તે સૂક્ષ્મ બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય જૈન ધર્મના વિષયમાં કેવી રીતે કુશળ હશે ?

જેથી ધર્મના અભિલાષીએ અવશ્ય ઔચિત્ય પાલનમાં નિપુણ થવું જોઈએ.

ઔચિત્ય પાલન, ગુણાનુરાગ, બીજાના દોષો તરફ મધ્યસ્થતા અને જિનવચનમાં રૂચિ રાખવી આ સમ્યગ્દષ્ટિના લક્ષણો છે.

અવસરોચિત વચનથી પણ ઘણો લાભ થાય છે.

## પ્રસંગપટ

ચાહડ મંત્રીના અતિશય દાનથી દુર્જનો વડે ઉશ્કેરાયેલા કુમારપાલ મહારાજાએ કહ્યું:

"મંત્રિરાજ ! તમે તો દાનમાં મારા કરતાં પણ ચડી ગયા !"

ચાહડ મંત્રી : "મહારાજ ! આપના પિતાજી દશ ગામના સ્વામી હતા.

અને....

આપ તો અઢાર દેશના માલિક છો.

આમાં આપના તરફથી પિતાજી પ્રતિ અવિનય થયો ન ગણાય ?"

સારાંશ :-

એક તરફ ઔચિત્ય,

બીજી તરફ કરોડ ગુણ.

એક ઔચિત્યના અભાવમાં સર્વ ગુણ સંપત્તિ વિષ સમાન સમજાવી.

દાન, ગમન, ખાન, ભાષણ વગેરે અવસરોચિત જ શોભાને

પામે છે.

## અનુચિત આચરણનો ત્યાગ

જે આચરણથી મૂર્ખમાં ગણતરી થાય તે આચરણ ને અનુચિત સમજવું.

તે આચરણનો ત્યાગ કરવો.

લૌકિક શાસ્ત્રથી મૂર્ખના ૧૦૦ લક્ષણ જાણવા.

તથા......

જેનાથી આપણો અપયશ થાય તેને છોડી દેવા.

જેમકે.....

સભામાં છીંક, ડકાર, હાસ્ય વગેરે થાય તો મુખને ઢાંકીને કરવું.

તથા....

-સભામાં નાક સાફ ન કરવું ,

-હાથ-પગ ન મરડવા,

-પગ પર પગ ચડાવીને ન બેસવું,

-પગ લાંબા ન કરવા,

-નિદ્રા-વિકથા-કુચેષ્ટા ન કરવી.

-અવસરે હોઠમાં હસવું પણ અટ્ટહાસ્ય ન કરવું.

-સીટી મારવી, નિષ્પ્રયોજન તૃણાદિના ટુકડા કરવા, હાથ અથવા પગથી જમીન ખોતરવી, દાંતથી નખ કાપવા વગેરે ચેષ્ટાઓ ન કરવી.

યાચક લોકો દ્વારા કરાયેલી પ્રશંસાને સાંભળી અહંકારી ન બનવું.

બીજા દ્વારા કાર્ય કરાવવું હોય ત્યારે વિશેષ વચનથી બોલાવવું.

આપણા નિર્ધારિત કાર્યને અનુકૂલ એવું કોઈનુંય વચન હોય તો તેને કાર્યની સિદ્ધિ માટે અવશ્ય મંજુર રાખવું.

જેનું કાર્ય આપણાથી ન બની શકે તેવું હોય તો પહેલેથી એવું

કહી દેવું, પણ જૂઠું વચન આપી કોઈને વ્યર્થ ચક્કર ન ખવડાવવા.

કોઈને પણ કટુ વચન ન સંભળાવવા.

ક્યારેક શત્રુપક્ષને સંભળાવવાનો અવસર આવી પડે ત્યારે પરોક્ષ અથવા કોઈ બહાને સંભળાવવા.

જે વ્યક્તિ માતા, પિતા,રોગી, આચાર્ય, મહેમાન, ભાઈ, વૃદ્ધ, તપસ્વી, બાળક, દુર્બળ, સ્વજન અને મિત્ર સાથે કલહ ન કરે તે ત્રિભુવનને પોતાના વશમાં કરે છે.

લગાતાર સૂર્ય તરફ ન દેખવું.

તેમજ....

સૂર્ય-ચંદ્ર-ગ્રહણ, ઊંડા કુવાના પાણીને, તથા સંધ્યાકાળમાં આકાશમાં ન જોવું.

સ્ત્રી-પુરુષ સંભોગ, શિકાર, નગ્ન સ્ત્રી , પશુ-પક્ષી ક્રીડા અને કન્યાની યોનિ એટલી ચીજ ન જોવી.

મુખનો પડછાયો તેલમાં, હથિયારમાં, પેશાબમાં અને ખૂનમાં ન દેખવો. આવું કરવાથી આયુષ્ય ક્ષીણ થાય છે.

વચન-ભંગ, વીતેલી વાતનો શોક તથા કોઈનીય નિદ્રાનો ભંગ કદી ન કરવો.

અધિક લોકોનો વિરોધ ન કરવો. તથા તેમના મતમાં આપણો મત- અભિપ્રાય આપી દેવો.

નીરસ કાર્ય પણ સમુદાયની સાથે કરવું.

સુંદર કાર્યમાં અગ્રેસર રહેવું.

નિઃસ્પૃહતાને ધારણ કરવી.

જે કાર્યથી કોઈને નુકશાન થાય એવા કાર્ય કરવા માટે તત્પર ન રહેવું.

તથા....

સુયોગ્ય વ્યક્તિઓની કદી ઈર્ષ્યા ન કરવી.

સ્વજાતિ પર આવેલા સંકટની ઉપેક્ષા ન કરવી.

પરંતુ,

આદરપૂર્વક ઐક્ય થાય એવા પ્રયત્ન કરવા.

કારણ કે,

આવું ન કરવાથી માન્ય પુરુષોના માનનું ખંડન અને અપયશ થાય છે.

દરિદ્રાવસ્થાને પામેલા મિત્ર, સાધર્મિક, જ્ઞાનથી વડિલ, જાતિમાં વડિલ, ગુણી, નિઃસંતાન બહેન આ બધાનું અવશ્ય પોષણ કરવું.

મહત્તાના અભિલાષીએ સારથિનું કાર્ય તથા કુળાદિથી અનુચિત કાર્ય ન કરવું જોઈએ.

મહાભારતાદિ ગ્રંથોમાં પણ કહ્યું છે કે.....

-બ્રહ્મમુહૂર્તમાં શય્યાનો ત્યાગ કરી ધર્મ તથા અર્થનો વિચાર કરવો.

-સૂર્યોદય તથા સૂર્યાસ્ત સમયે સૂર્ય સામે ન જોવું.

-દિવસે ઉત્તરાભિમુખ અને રાત્રે દક્ષિણાભિમુખ થઈ મળ-મૂત્રનો ત્યાગ કરવો.

-આચમન કરી દેવની પૂજા, ગુરુવંદન તથા ભોજન કરવું.

ગૃહસ્થે ધન પ્રાપ્તિ માટે અવશ્ય પ્રયત્ન કરવો.

કારણ કે,

ધન હોય તો જ ધર્મ આદિ થાય છે.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** અન્ય ધર્મી સંબંધી ઉચિત આચરણ કેવી રીતે કરશો ?

**પ્રશ્ન-૨** સમ્યગ્દૃષ્ટિના લક્ષણ જણાવો.

**પ્રશ્ન-૩** અનુચિત આચરણ કોને કહે છે ? મૂર્ખના કેટલા લક્ષણો છે ?

**પ્રશ્ન-૪** અનુચિત આચરણનો ત્યાગ કરવા રૂપ શું-શું ન કરવું જોઈએ.

**પ્રશ્ન-૫** કોણ ત્રિભુવનને વશમાં કરી શકે છે ?

**પ્રશ્ન-૬** મુખનો પડછાયો શામાં ન જોવો? તેનાથી શું થાય છે ?

**પ્રશ્ન-૭** મહત્તાના અભિલાષીએ શું ન કરવું જોઈએ ?

**પ્રશ્ન-૮** મહાભારતાદિ ગ્રંથોમાં કયા અનુચિત આચરણનો ત્યાગ કરવા કહ્યું છે?

---

પ્રગતિ
એક જ ક્ષેત્રે
પ્રશંસનીય છે,
"પ્રેમના ક્ષેત્રે"
પરિવર્તન
એક જ તત્ત્વનું
આનંદદાયક છે,
"હૃદયનું પરિવર્તન"

સમાજ વ્યવસ્થા,
કુટુંબની પ્રસન્નતા
અને
મનની સ્વસ્થતા
પ્રેમથી જેટલી જળવાય છે
એટલી
દ્વેષથી જળવાતી નથી.

# ૧૨

# સામાન્યથી હિતોપદેશ

ધનલાભનો ચોથો ભાગ ધર્મકૃત્યમાં, ચોથો ભાગ સંગ્રહમાં તથા અડધા ભાગથી પાતાનું પોષણ કરવું અને નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ કરવી.

મળમૂત્રનો ત્યાગ, પગ ધોવા અને એઠું નાખવું આ બધી ક્રિયા ઘરથી દૂર કરવી.

જે માટીના ઢેફાને તોડે , ઘાસના ટુકડા કરે, દાંતથી નખ કાપે, મળ-મૂત્રનો નિકાલ કર્યા બાદ શુદ્ધિ ન કરે તે આલોકમાં અલ્પ આયુષ્યને પામે છે.

ફાટેલા આસન પર ન બેસવું. તેવું આસન રાખવું પણ નહિં.

વાળને વ્યનસ્થિત કર્યા વિના કે વિખરાયેલા વાળ રાખી ભોજન ન કરવું.

નગ્ન થઈ સ્નાન ન કરવું તથા સૂવું પણ નહિં.

લાંબા સમય સુધી એંઠા હાથ ન રાખવા અને એંઠા હાથ મસ્તકે ન લગાવવા.

કારણ કે,

મસ્તકના તળમાં સર્વ પ્રાણ રહે છે.

કોઈને મસ્તકના વાળથી ન પકડવો તથા મસ્તક પર પ્રહાર ન કરવો.

બંને હાથથી મસ્તક કદી ન ખંજવાળવું.

નિષ્કારણ વારંવાર સ્નાન ન કરવું. રાત્રે તો ન જ કરવું.

વિશેષથી વારંવાર મસ્તક ન ધોવું.

ભોજન પછી તથા ઘરની અત્યંત અંદર સ્નાન ન કરવું.

ગુરુના દોષને ન કહેવા, ગુરુ કોપ કરે ત્યારે તેમને પ્રસન્ન કરવા તથા અન્ય વડે ગુરુની નિંદા થતી હોય તો ન સાંભળવી.

ગુરુ, સતી સ્ત્રી, ધર્મી તથા તપસ્વીની મજાકમાં પણ નિંદા ન કરવી.

બીજાની કોઈ ચીજ ચોરવી નહિં.

બીજાના દોષોને બોલવા નહિં.

લોકોમાં નિંદિત, પતિત, ઉન્મત્ત, અધિક લોકોથી વેર ન કરવો

તથા......

મૂર્ખની મિત્રતા ન કરવી.

એકલા પ્રવાસ ન કરવો.

ખરાબ વાહનમાં ન ચઢવું, કિનારા પર આવેલી છાયામાં ન બેસવું તથા પાણીના પ્રવાહ સામે ન જોવું.

બળેલા ઘરમાં પ્રવેશ ન કરવો.

પર્વતના શિખર પર ન ચઢવું.

ચાલતી વખતે ઊંચી, અસ્ત-વ્યસ્ત અથવા દીર્ઘદષ્ટિ ન રાખવી.

દાઢી મૂછના વાળને ચાવવા નહિં.

હોઠને વારંવાર દાંતમાં ન પકડવા.

એઠું ન ખાવું.

તથા....

કોઈ પણ જગ્યાએ દ્વાર ન હોય તો ચોરમાર્ગે ન જવું.

ઉનાળા તથા ચોમાસામાં છત્રી લઈને તથા રાત્રિમાં અથવા વનમાં જવું હોય તો લાકડી લઈને જવું.

ચંપલ, વસ્ત્ર અને ફૂલમાળા આ ત્રણ વસ્તુ કોઈની પહેરેલી ન પહેરવી.

સ્ત્રીઓના વિષયમાં ઈર્ષ્યા ન કરવી.

તથા......

પોતાની સ્ત્રીનું પતનથી રક્ષણ કરવું.

ઈર્ષ્યા કરવાથી આયુષ્ય ક્ષીણ થાય છે.

રાત્રે પાણી ન લાવવું.

દહી અને વિદલ સાથે ન વાપરવા તથા રાત્રે ભોજન ન કરવું.

લાંબા સમય સુધી ઘુંટણ ઊંચા કરીને ન સૂવું.

ગો-દોહિકા આસન પર ન બેસવું તથા પગથી આસન ખેંચીને ન બેસવું.

અતિ-પ્રભાત, અતિ-સંધ્યા અને અતિ મધ્યાહ્નમાં એકલા અથવા વધારે અપરિચિત,

અર્થાત્

અજ્ઞાન લોકોની સાથે ન જવું.

મલિન દર્પણમાં તથા રાત્રિ સમયે દર્પણમાં મુખદર્શન ન કરવું

લાલ માળા ધારણ ન કરવી. સફેદ માળા ધારણ કરવી.

સૂવાના, પૂજાના અને સભામાં પહેરવાના વસ્ત્ર અલગ-અલગ રાખવા.

બોલવાની તથા હાથ-પગની ચપળતા, અતિ-ભોજન, શય્યા પર દીપક, અધમ તથા થાંભલાની છાયા આટલી વાત અવશ્ય ત્યાગવી.

સ્વયં પોતાના જૂતા ન ઉપાડવા, માથા પર વજન ન ઉપાડવું તથા વરસાદ વરસતો હોય ત્યારે ન દોડવું.

ભાજન (જમવાનું સાધન) તૂટે તો પ્રાયઃ કલહ થાય છે.

અને......

પલંગ તૂટે તો વાહનનો નાશ થાય છે.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** ધનલાભનો વ્યય કેવી રીતે કરવો જોઈએ ?

**પ્રશ્ન-૨** આલોકમાં કોણ અલ્પ આયુષ્યને પામે છે?

**પ્રશ્ન-3** કઈ ત્રણ વસ્તુ કોઈની પહેરેલી ન પહેરવી ?

**પ્રશ્ન-૪** કેવી માળા ધારણ કરવી કેવી નહિ ?

**પ્રશ્ન-૫** સામાન્યથી હિતોપદેશના પાંચ મુદ્દા લખો.

**પ્રશ્ન-૬** કલહ અને વાહનનો ક્ષય શેનાથી થાય છે ?

# ૧૩

# સામાન્યથી ભોજન વિધિ

તૈયાર થયેલા ભોજનથી પ્રથમ નવી પરણેલી સ્ત્રી, ગર્ભિણી, વૃદ્ધ, બાળક અને રોગીને જમાડ્યા પછી પોતે જમવું.

જે ગાય, બળદને ઘરમાં બાંધી રાખે અને ભોજન સમયે એકલો ભોજન કરે તે તો ફક્ત પાપ ભક્ષણ જ કરે છે.

ગૃહ વૃદ્ધિની ઈચ્છાવાળા ગૃહસ્થે પોતાની જાતિના વૃદ્ધ અને દરિદ્ર બનેલા મિત્રોને પોતાના ઘરમાં રાખવા.

## કુશળ બનવાના ઉપાય

અપમાનને સહન કરીને માનને ગૌણ કરી સ્વાર્થ સાધવો.

સ્વાર્થથી ભ્રષ્ટ થવું મૂર્ખતા છે.

અલ્પલાભ માટે મોટું નુકસાન ન ઉપાડવું.

અને.....

થોડું ખર્ચી વધુ બચાવવું બુદ્ધિમત્તા છે.

લેણ-દેણ તથા અન્ય કાર્ય સમયસર કરવા, નહિતર કાર્ય નીરસ બની જાય છે.

જ્યાં આદર-સત્કાર ન મળે, મધુર વાર્તાલાપ ન હોય, ગુણ-દોષની વાત પણ ન હોય ત્યાં ન જવું .

જે વગર આમંત્રણે ઘરમાં પ્રવેશે, વિના પૂછે વધારે બોલે, ન આપેલા આસન પર સ્વયં બેસે તે અધમ છે, એમ જાણવું.

જે શક્તિ ન હોય તો પણ ગુસ્સો કરે, નિર્ધન હોય તો પણ ધનની ઈચ્છા કરે અને નિર્ગુણી હોય તો પણ ગુણીથી દ્વેષ કરે આ ત્રણે

પુરુષોને લાકડી જેવા જાણવા.

માતા-પિતાનું પોષણ ન કરનાર,
ક્રિયાના ઉદ્દેશથી યાચના કરનાર
અને.....
મૃતનું શય્યાદાન લેનાર
આ ત્રણેયને ફરી મનુષ્ય જન્મ દુર્લભ છે.

બળવાન પુરુષના ઝપાટામાં આવતાં નમ્ર બનવું.
પરંતુ,
સર્પની જેમ આક્રમણ ન કરવું.
નમ્ર રહેનાર અવસરે ફરી લક્ષ્મીને પામે છે.

બુદ્ધિમાને અવસરે કાચબાની જેમ અંગોપાંગને સંકોચી સહન કરવું અને અવસરે કાળા સાપની જેમ આક્રમણ કરવું.

બુદ્ધિમાન વ્યક્તિ શત્રુને એકવાર આગળ વધવા દે છે પછી તેનો મૂળમાંથી નાશ કરે છે.

બળથી ન થઈ શકે તેવું કાર્ય કળથી-યુક્તિથી કરવું.

નખવાળા અને શીંગડાધારી પશુઓનો, શસ્ત્રધારી પુરુષોનો, સ્ત્રીઓનો, રાજાઓ અને રાજપુરુષોનો કદી વિશ્વાસ ન કરવો.

## પશુ-પક્ષીથી શીખવા મળતા ગુણ

સિંહથી :- (૧) જે કાર્ય કરવું હોય તે સર્વ શક્તિથી કરવું.

બકરીથી :- (૧) તેની જેમ અર્થનો વિચાર કરવો.

કૂકડાથી :- (૧) સૌથી પહેલાં ઉઠવું.
(૨) લડવું.
(૩) સ્ત્રીને પ્રથમ કબ્જામાં લઈને ભોગવવી.

કાગડાથી:- (૧) એકાંતમાં સંભોગ.
(૨) ધૃષ્ટતા રાખવી.

(૩) ખાવાની ચીજ આપસમાં વહેંચવી.
(૪) અવસરે ઘર બાંધવું.
(૫) પ્રમાદ ન કરવો.
(૬) કોઈ પર વિશ્વાસ ન રાખવો.

કૂતરાથી:- (૧) ઈચ્છાથી ભોજન.
(૨) અવસરે અલ્પમાં સંતોષ.
(૩) સુખ નિદ્રા
(૪) સહજથી જાગી જવું.
(૫) સ્વામિ-ભક્તિ.
(૬) શૂરવીરતા.

ગધેડાથી:- (૧) ઉપાડેલા ભારને વહન કરવું.
(૨) ઠંડી કે ગરમીને સહન કરવી.
(૩) સદા સંતોષી રહેવું.

જે હિતાહિત ઉચિતાનુચિત, સત્યાસત્યનો વિવેક કરે છે, સ્થાનમાં કેવી રીતે બેસવું, સૂવું, ભોગવવું, પહેરવું, બોલવું, ચાલવું જાણે છે તેને ઉત્તમ વિદ્વાન જાણવો.

## હમારે સવાલ આપકે જવાબ

**પ્રશ્ન-૧** સામાન્યથી ભોજનવિધિના પાંચ મુદ્દા લખો.
**પ્રશ્ન-૨** ભોજનવિધિમાં સ્વયં ક્યારે જમવું. ?
**પ્રશ્ન-૩** કોણ ફક્ત પાપ ભક્ષણ કરે છે ?
**પ્રશ્ન-૪** કેવા પુરુષોને લાકડી જેવા જાણવા ?
**પ્રશ્ન-૫** કોને ફરીથી મનુષ્ય જન્મ દુર્લભ છે.?
**પ્રશ્ન-૬** કોનો વિશ્વાસ કદી પણ ન રાખવો જોઈએ ?
**પ્રશ્ન-૭** સિંહ,કૂકડો, કાગડો, કૂતરો વગેરેથી શીખવા મળતા ગુણો જણાવો.
**પ્રશ્ન-૮** કોને ઉત્તમ વિદ્વાન જાણવો.

### આયડ તીર્થોદ્ધારક, વૈરાગ્યવારિધિ

## પ.પૂ.આચાર્ય શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની

## લેખિત-સંપાદિત-પ્રેરિત સાહિત્યયાત્રા

૨૬. કૌન બનેગા ગુરુગુણ જ્ઞાની (ગુજરાતી)
૨૭. સુબોધ પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા (પ્રાકૃત બુક)
૨૮. જૈન ઇતિહાસ (હિન્દી)
૨૯. જૈન ઇતિહાસ (ગુજરાતી)
૩૦. જૈન ઈતિહાસ (અંગ્રેજી)
૩૧. જૈન શ્રાવકાચાર (હિન્દી)
૩૨. જૈન શ્રાવકાચાર (ગુજરાતી)
૩૩. જીવ સે શિવ તક (હિન્દી)
૩૪. તત્ત્વકી વેબસાઇટ (હિન્દી)
૩૫. ઓઘો છે અણમૂલો (દિક્ષા ગીત સંગ્રહ)
૩૬. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૧ (પોકેટ સાઇઝ)
૩૭. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૨ (પોકેટ સાઇઝ)
૩૮. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૩ (પોકેટ સાઇઝ)
૩૯. સુબોધ સંસ્કૃત ધાતુ રૂપાવલી ભાગ-૪ (પોકેટ સાઇઝ)
૪૦. શ્રાદ્ધવિધિ પ્રકરણ (હિન્દી)
૪૧. ન્યાય સિદ્ધાંતના મૂળભૂત ૧૦૮ નિયમો
૪૨. સપ્તતિશતસ્થાનપ્રકરણ (પ્રતાકાર)
૪૩. દશાશ્રુતસ્કંધ સૂત્ર (નવ્ય ટીકા સહિત)
૪૪. પંચકલ્પભાષ્ય (નવ્ય ટીકા સહિત)
૪૫. ભગવતીસૂત્ર (અનુવાદ ભાગ ૧ સે ૪)
૪૬. જૈન ધર્મ કે વિવિધ પ્રશ્નોત્તર
૪૭. આગમ સારોદ્ધાર
૪૮. જીવવિચારદિ પ્રકરણ ચતુષ્ટયમ્ (ટીકા સહિત)
૪૯. ભાવશ્રમણ
૫૦. વિશેષણવતી (સટીક)

વૈરાગ્યવારિધિ
પૂ.આ. કુલચંદ્રસૂરિ મહારાજા
50
સંયમ સુવર્ણ વર્ષ
૨૦૨૩ - ૨૦૭૩

શ્રી પ્રેમસૂરિ-સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ
(૨૦૨૪-૨૦૭૪)

દરેક વ્યક્તિ
સુખમય જીવન જીવવાનું ઇચ્છતો હોય છે.
પરંતુ ઉપાય ન મળવાથી
તેનું જીવન દુ:ખમય બની જાય છે.
તેથી
સુખમય જીવન જીવવાનો ઉપાય
બતાવતી આ પુસ્તક એટલે જ
**સુખી જીવનની માસ્ટર કી**

Rajul Arts
9769791990